dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 282 | AD - 2024, Ashadh sud- 9 | Monday, Dt.15-07-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વિશ્વના નેતાઓએ આ ઘટનાની ઘોર નિંદા કરી, ફાયરિંગમાં એક વ્યક્તિનું મોત

# અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઉપર ફાયરિંગ

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૧૪

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પની રેલી પર ગોળીબારની ઘટનાથી હડકંપ મચી ગયો છે. ગોળીબારમાં ડોનાલ્ડ ટ્રમ્પ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. હુમલા બાદ ટ્રમ્પનો ચહેરો લોહીવાળો થઈ ગયો હતો. ગોળી તેમના કાનને અડીને નીકળી ગઈ હતી. ગોળી વાગતા તેમના કાનમાંથી ઘણુ લોહી વહી ગયું હતું. ટ્રમ્પ પેન્સિલવેનિયામાં રેલી કરી રહ્યા હતા તે દરમિયાન આ ઘટના બની હતી. રેલીમાં તેમના પર એક બાદ એક ધડાધડ ગોળીઓ ચલાવવામાં આવી હતી. જોકે, હુમલાખોરોમાં સામેલ એકનું મૃત્યુ થયું છે અને એક ગંભીર હાલતમાં છે. અમેરિકન પોલીસ દ્વારા એક શૂટરને ઘટના સ્થળે જ ઠાર કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે, પેન્સિલ્વેનિયાના બટલરમાં એક રેલી દરમિયાન ટ્રમ્પને ગોળી વાગી હતી. જ્યારે તે બટલરમાં સ્ટેજ પર બોલી રહ્યા હતા ત્યારે જોરદાર ધડાકો સંભળાયો અને ગોળીબાર થયો હતો. ટ્રમ્પ નીચે ઝૂકી ગયા. જોકે સિક્રેટ સર્વિસના એજન્ટ ટ્રમ્પને કવર કરવા માટે તરત જ પહોંચ્યા હતાં. જ્યારે એજન્ટોએ ટ્રમ્પને સંભાળ્યા અને તેમને ઊભા કરવામાં મદદ કરી, ત્યારે ટ્રમ્પના ચહેરા અને કાન પર લોહી દેખાતું હતું. આ દરમિયાન ટ્રમ્પે મુઠ્ઠી પકડીને હવામાં લહેરાવી હતી. આ પછી, સિક્રેટ એજન્ટો ટ્રમ્પને સ્ટેજ પરથી ઉતારી, કારમાં બેસાડી ત્યાંથી લઈ ગયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર એફબીઆઈ, સિક્રેટ સર્વિસ અને એટીએફ આ કેસની તપાસ કરી રહી છે. એવું કહેવાય છે કે એક શૂટર ભીડમાં હતો જ્યારે બીજો શૂટર ત્યાં એક બિલ્ડિંગની છત પર હાજર હતો. શૂટર ટ્રમ્પથી ૧૦૦ ફૂટ દૂર આવેલી બિલ્ડિંગની છત પર હતો. ત્યાંથી તેણે ટ્રમ્પ પર



નિશાન સાધ્યું હતું. ગોળી લાગ્યા બાદ પણ ટ્રમ્પે નારા લગાવવાનું ચાલુ રાખ્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ પર ગોળીબાર બાદ ન્યૂયોર્કમાં સુરક્ષા સઘન કરી દેવામાં આવી છે.

આ ઘટનાને હત્યાના પ્રયાસ તરીકે તપાસવામાં આવી રહી છે. અમેરિકાની સિક્રેટ સર્વિસે કહ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પ સુરક્ષિત છે અને તેમની આસપાસ સુરક્ષાના પગલા લેવામાં આવ્યા છે. બટલર કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એટર્ની રિચાર્ડ એ. ગોલ્ડિંગરે પુષ્ટિ કરી છે કે શૂટર માર્યો ગયો છે. આ સાથે રેલીમાં હાજર એક વ્યક્તિનું પણ મોત થયું છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને આ ઘટના અંગે પ્રેસ બ્રીફિંગ કરી હતી. તેમણે કહ્યું કે અમેરિકામાં આ પ્રકારની હિંસા માટે કોઈ સ્થાન નથી. આપણે એક દેશ તરીકે એક થવું જોઈએ અને તેની નિંદા કરવી જોઈએ. હું એ જાણીને ખુશ છું કે તે સુરક્ષિત છે. હું તેમના અને તેમના પરિવાર માટે અને રેલીમાં સામેલ દરેક વ્યક્તિ માટે પ્રાર્થના કરું છું. જીલ અને હું તેમને સલામતી સુધી પહોંચાડવા માટે સિક્રેટ સર્વિસના આભારી છીએ. જો કે, અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી નજીક છે ત્યારે રાષ્ટ્રપતિ પદના મુખ્ય ઉમેદવારમાંથી એક ટ્રમ્પ પર હુમલો થતા માહોલ ગરમાયો છે.

જયારે ટ્રમ્પે ઘટના બાદ જણાવ્યું હતું કે 'હું યુનાઈટેડ સ્ટેટ્સ સિક્રેટ સર્વિસ અને તમામ કાયદા અમલીકરણ એજન્સીઓનો આભાર માનું છું કે જેમણે બટલર, પેન્સિલવેનિયામાં ગોળીબારમાં તરત જ પ્રતિક્રિયા આપી. હું રેલીમાં માર્યા ગયેલા વ્યક્તિના પરિવાર પ્રત્યે અને ઘાયલ થયેલા અન્ય વ્યક્તિના પરિવાર પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરવા માંગુ છું. આપણા દેશમાં આવું કૃત્ય થાય તે માનવામાં ન આવે. હાલમાં માર્યા ગયેલા હુમલાખોર વિશે કંઈ જાણવા મળ્યું નથી. મારા જમણા કાનના ઉપરના ભાગમાં ગોળી વાગી હતી. મને તરત જ સમજાયું કે કંઈક ખોટું છે કારણ કે મેં જોરથી બંદૂકની ગોળીનો અવાજ સાંભળ્યો અને તરત જ સમજાયું કે ગોળી ચામડીને વીંધી ગઈ છે. મને સમજાયું કે મને ઘણું લોહી વહી રહ્યું છે. ભગવાન અમેરિકા બચાવો!'

દરમિયાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પ સાથે વાત કરી આ ઘટનાની નિંદા કરી છે. પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ કહ્યું કે અમેરિકન લોકશાહીમાં રાજકીય હિંસા માટે બિલકુલ જગ્યા નથી.

### રાજ્ય સરકારે મંદિર વ્યવસ્થાપન સમિતિ માટે તમામ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયાઓ જારી કરી

# મુખ્યમંત્રીની મંજૂરી બાદ ૪૬ વર્ષ પછી ભગવાન જગન્નાથ મંદિરનો રત્ન ભંડાર ખુલ્યો

(એ.આર.એલ),ભુવનેશ્વર ,તા.૧૪

ઓડિશાના પુરીમાં ભગવાન જગન્નાથ મંદિરનો પ્રતિષ્ઠિત ભંડાર 'રત્ન ભંડાર' ખુલ્યો છે. રાજ્ય સરકારે આ તિજોરીને ૪૬ વર્ષ બાદ જ્વેલરી અને અન્ય કિંમતી ચીજવસ્તુઓની ઈન્વેન્ટરી માટે ખોલી છે. અગાઉ તેને ૧૯૭૮માં ખોલવામાં આવી હતી. કાયદા મંત્રી પૃથ્વીરાજ હરિચંદને જણાવ્યું કે રત્ન ભંડાર ખુલ્યા બાદ કેવી રીતે અને કયા રેકોર્ડ્સ નોંધાશે. જગન્નાથ મંદિરની બહાર



આરએએફના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. પુરીના એસપી પિનાક મિશ્રાનું કહેવું છે કે બધું જ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર મુજબ કરવામાં આવી રહ્યું છે. ઉચ્ચ સ્તરીય સમિતિ અને તેના સભ્યો બહાર આવ્યા બાદ માહિતી આપશે. રત્ન ભંડાર ખોલતા પહેલા મંત્રી હરિચંદને કહ્યું કે, ૧૪મી જુલાઈએ ભગવાન જગન્નાથ મંદિરનો રત્ન ભંડાર ખુલવા જઈ રહ્યો છે. આ માટે મુખ્યમંત્રીએ આખરી મંજુરી આપી દીધી છે. રાજ્ય સરકારે મંદિર વ્યવસ્થાપન સમિતિ માટે તમામ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયાઓ જારી કરી છે અને તેના આધારે તમામ કામગીરી કરવામાં આવશે. ટ્રેઝરી અને ઈન્વેન્ટરીને ફરીથી ખોલવા માટે દરેક કાર્યને પૂર્ણ કરવા માટે અનુસરવાની પ્રક્રિયાઓ પણ નક્કી કરવામાં આવી છે. શ્રી જગન્નાથ મંદિર પ્રશાસનના મુખ્ય પ્રશાસકને સમગ્ર કાર્ય પર દેખરેખ રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે.

# અનંત અંબાણીએ આપી રિટર્ન ગિફ્ટ, મહેમાનોને રૂ.બે કરોડની રિસ્ટ વોચ

મુંબઈ,તા.૧૪

બિઝનેસ ટાયકૂન મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી ૧૨ જુલાઈના રોજ ગર્લફ્રેન્ડ રાધિકા મર્ચન્ટ સાથે લગ્ન ગ્રંથિમાં જોડાઈ ગયા છે. જો કે ભારતના આ મોંઘેરા લગ્ન સોશિયલ મીડિયા તેમજ લોકોમાં ચર્ચાનો વિષય બન્યા છે. તેવામાં હવે અનંત અંબાણીએ તેમના મિત્રોને આપેલી રિટર્ન ગિફ્ટને લઈને એક લેટેસ્ટ અપડેટ સામે આવ્યું છે, જેના વિશે જાણીને તમે ચોંકી જશો. અનંતે પોતાના નજીકના



મિત્રોને એક ખાસ ભેટ આપી છે, જેની કિંમત કરોડોમાં છે. અંબાણી પરિવારના આ ભવ્ય લગ્ન સમારોહમાં દેશ અને દુનિયાની મોટી હસ્તીઓ હાજર રહી હતી. અનંત અંબાણીના લગ્નમાં બોલિવૂડ સ્ટાર્સથી લઈને ક્રિકેટર તેમજ અનેક જાણીતી હસ્તીઓએ ખૂબ મસ્તી કરી હતી. તો અનંત અંબાણીએ પણ તેમના ૨૫ VIP મહેમાનોને રિટર્ન

**લગ્નમાં હાજર રહેલી દુનિયાની મોટી હસ્તીઓને રિસ્ટ વોચ ભેટમાં મળી, રિસ્ટ વોચમાં ૧૮ કેરેટ સોનાનો ઉપયોગ**

ગિફ્ટમાં રૂ. દોઢથી બે કરોડની ૧૮ કેરેટ સોનાની રિસ્ટ વૉચ આપી છે, જે અંબાણી પરિવારે demars Piguet કંપની પાસે આ ઘડિયાળો ડિઝાઈન કરાવી હતી. આ દરેક ઘડિયાળની કિંમત રૂ. દોઢથી બે કરોડની વચ્ચે છે, જે ૧૮ કેરેટ સોનાથી ડિઝાઈન કરાઈ છે.

### ચૂંટણી બાદ મમતા સરકાર પર નિશાન

# બંગાળમાં લોકસભાની ચૂંટણીમાં ૫૦ લાખ હિંદુઓને મતદાનથી વંચિત રખાયા : ભાજપ નેતાનો દાવો

(એ.આર.એલ),કોલકતા,તા.૧૪

પશ્ચિમ બંગાળની ૪ વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીએ જીત મેળવી છે. અગાઉ લોકસભા ચૂંટણીમાં પણ ટીએમસીએ ૨૯ બેઠકો જીતી હતી. પશ્ચિમ બંગાળમાં વિપક્ષના નેતા સુભેન્દુ અધિકારીએ રાજ્યમાં ચૂંટણી પછીની હિંસા પર મમતા સરકાર પર નિશાન સાધ્યું છે. સુભેન્દુ અધિકારીએ કહ્યું, 'બંગાળમાં લોકશાહી મરી ગઈ છે. અમે આજથી જન આંદોલન શરૂ કર્યું છે. લોકસભા ચૂંટણીમાં લગભગ ૫૦ લાખ હિંદુઓને મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. રાજ્યમાં યોજાયેલી ૪ પેટાચૂંટણીઓમાં ૨ લાખથી વધુ હિન્દુઓને મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. હું એક પોર્ટલ શરૂ કરી રહ્યો છું. જેમને મતદાન કરવાની મંજૂરી ન હતી તેઓ પોતાની નોંધણી કરાવી શકે છે અને સંપૂર્ણ ગોપનીયતા સુનિશ્ચિત કરવામાં આવશે. હું કાનૂની લડાઈ પણ શરૂ કરીશ.

રાજ્યમાં ચૂંટણી પછીની કથિત અથડામણો સામે ભાજપના નેતા સુભેન્દુ અધિકારી અને પાર્ટીના કાર્યકરોએ રવિવારે રાજભવનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

# મણિપુરમાં કુકી આતંકવાદીઓનો પોલીસ પર હુમલો



ઈમ્ફાલ,તા.૧૪

કુકી આતંકવાદીઓએ રવિવારે (૧૪ જુલાઈ) મણિપુરના જીરીબામમાં CRPF અને પોલીસ ટીમના કાફલા પર હુમલો કર્યો હતો. જેમાં સીઆરપીએફનો એક જવાન શહીદ થયો હતો. એક પોલીસ કર્મચારી પણ ઘાયલ થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે કુકી આતંકવાદીઓએ મોંગબુંગના પહાડી વિસ્તારમાંથી ગોળીબાર કર્યો હતો. ગોળી CRPF જવાન અજય કુમાર ઝાના માથામાં વાગી હતી. આ પછી તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. મોંગબુંગમાં શનિવારે મોડી રાત્રે ગોળીબાર શરૂ થયો હતો. રવિવારે સવારે CRPF અને પોલીસે આતંકવાદીઓ સામે જવાબી કાર્યવાહી કરી હતી. આતંકવાદીઓને કેટલું નુકસાન થયું તે હજુ સુધી જાણી શકાયું નથી.

**હુમલામાં સીઆરપીએફનો જવાન શહીદ**







**નોકરી - ધંધા - વિહોણા જોગ**

અમરેલી શહેરના વિસ્તારોમાં વ્યસનમુક્તિ પાર્લરમાં કાર્ય કરવા રસ ધરાવતા ભાઈ/બહેનોએ સવારના ૧૦:૦૦ થી ૧૨:૦૦ રૂબરૂ સંપર્ક કરવો

ડબાવાલા વ્યસન મુક્તિ તાલીમ કેન્દ્ર અમરેલી
ફોન નં. ૨૨૩૦૧૫ (૪૫ વર્ષથી કાર્યરત)



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
સોમવાર, તા.૧૫-૦૭-૨૦૨૪

# જિલ્લામાં મેલેરીયા વિરોધી માસની ઉજવણી, નાગરિકોને જાગૃત કરાયા

અમરેલી,તા.૧૪

અમરેલી જિલ્લામાં જૂન-૨૦૨૪ની મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા આગોતરા આયોજન સાથે કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લાના નાગરિકો પણ આ અંગે જાગૃત બને, મચ્છરના ઉદ્‌ભવના સ્થાનોને નિયંત્રિત કરે તે જરુરી છે.માદા એનોફિલીસ મચ્છર મેલેરિયાનો ફેલાવો કરે છે, જે મોટેભાગે રાત્રે કરડે છે. માદા એડીસ મચ્છરથી ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને ઝીકા વાયરસ ફેલાય છે. માદા ક્યુલેક્સ હાથીપગાનો ફેલાવો કરે છે. આ તમામ મચ્છરજન્ય રોગને અગાઉથી જ ફેલાતો અટકાવવા માટે મચ્છર ઉત્પતિ અટકાવવી જરુરી છે. જ્યાં ચોખ્ખું-ખુલ્લું અને બંધિયાર પાણી મળે ત્યાં મચ્છરની ઉત્પતિ થાય છે. આથી પાણી સંગ્રહના તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકીને રાખવા સાથે ઘરમાં કે ઘરની બહાર ક્યાંય પાણીનો ભરાવો ન થવા દેવો, ફ્રિજની પાછળની ટ્રે, પક્ષીકુંજ, પશુઓને પાણી પીવાની કુંડી સહિત સ્થાનો પર પાણી ખાલી કરવા, તેને સુકાવા દેવા. છત, છાજલી, અગાસી પર પડેલા નકામા ભંગાર, ટાયર વગેરેનો યોગ્ય નિકાલ કરવો. ખુલ્લા ટાંકા, અવેડા કે જ્યાં કાયમ પાણી ભરાયેલું રહેતું હોય તેવા સ્થાનો પર પોરાભક્ષક માછલી – ગપ્પી કે ગામ્બુશીયા મૂકવા સહિતની કાળજી લેવી જોઈએ, જેથી મચ્છરજન્ય રોગચાળાને ફેલાતા પૂર્વે અટકાવી શકાય, તેમ અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# વડિયા કુંકાવાવ શાળાના કર્મચારીઓની સહકારી શરાફી મંડળીની ૨૪મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

**સભામાં નોકરીમાંથી નિવૃત્ત થતાં અને અન્ય જિલ્લામાં આચાર્ય બનતા શિક્ષકોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું**

વડિયા, તા.૧૪



વડિયા કુંકાવાવ તાલુકાની ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓ દ્વારા ચલાવવામાં આવતી "શ્રી કુંકાવાવ તાલુકા સેકન્ડરી સ્કૂલ એ.કે. & કું. કો.ઓ.સો.લી." નામની સહકારી શરાફી મંડળીની ૨૪મી વાર્ષિક સામાન્ય સભા આજે વડિયા ખાતે સુરગવાળા હાઈસ્કૂલના હોલમાં યોજાઈ હતી. મંડળીના પ્રમુખ દિલીપભાઈ પાદરિયા અને મંત્રી કિરીટભાઈ જોટવાના સુકાન હેઠળ ચાલતી આ મંડળી છેલ્લા ૨૪ વર્ષથી સક્રિયપણે કાર્ય કરી રહી છે. આ સામાન્ય સભામાં નોકરીમાંથી નિવૃત્ત થતાં અને અન્ય જિલ્લામાં આચાર્ય બનતા શિક્ષકોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રી કિરીટભાઈ જોટવા દ્વારા રજૂ કરાયેલા હિસાબો મુજબ મંડળીની નાણાકીય સ્થિતિ સુદઢ છે. મંડળીના સભ્યો અને શાળાના કર્મચારીઓને વધુ સુવિધાઓ અને લાભો પૂરા પાડવા માટે બંધારણમાં સમયસર સુધારા કરવાનો પ્રસ્તાવ પણ મંજૂર કરવામાં આવ્યો હતો. હાજર સૌ સભાસદોએ મંડળીના પારદર્શક અને ડિજિટલ વહીવટને આવકાર્યો હતો.

# અમરેલી શહેરમાં દ્વારકેશ ડોક્યુમેન્ટનો ભવ્ય પ્રારંભ થયો







અમરેલી, તા.૧૪

અમરેલીની જનતાને સ્ટેમ્પના ડોકયુમેન્ટ તેમજ લીગલ એડવાઈઝ અને નોટરી માટે વધુ એક સુવિધાજનક સ્થળનો પ્રારંભ થયો છે. અમરેલીમાં આવેલ જિલ્લા પંચાયત કચેરી પાછળ આવેલ ટ્રેડ સેન્ટરમાં દ્વારકેશ ડોક્યુમેન્ટનો પ્રારંભ થયો છે. જેમાં અહીં તમામ પ્રકારના સ્ટેમ્પ તેમજ નોટરી અને સોગંધનામા કરી આપવામાં આવશે. કાયદાના જાણકાર જયેશભાઈ એ. ઝાપડા તેમજ એડવોકેટ એન્ડ નોટરી ચંદ્રેશભાઈ ડી. રાઠોડ તેમજ અમરાભાઈ સાતાભાઈ ઝાપડા અને ગૌતમ એ. ઝાપડા દ્વારા સંચાલિત શ્રી દ્વારકેશ ડોકયુમેન્ટનો અષાઢી બીજના શુભ દિને પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે, સાંસદ પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, સુરેશભાઈ દેસાઈ સહિતનાઓએ હાજર રહી આ નવું સોપાન શરૂ કરવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાજુલામાં સારા વરસાદની પ્રાર્થના સાથે ૧૯મીએ હવન કરાશે

રાજુલા,તા.૧૪

રાજુલા શહેરના લોકો ચોમાસામાં સારા વરસાદની પ્રાર્થના સાથે હવન કરવાની પરંપરા આ વરસે પણ જાળવી રાખશે. અને તારીખ ૧૯/૭ના રોજ અહી હવનનું આયોજન કરવામાં આવ્યું છે. રાજુલામાં હવન કમિટી દ્વારા આ હવન તારીખ ૧૯/૭ના રોજ કુંભનાથ સુખનાથ મંદિરના પટાંગણમાં યોજાશે. જાહેર આરોગ્ય અને સુખાકારી માટે આ હવનનું આયોજન કરવામાં આવ્યું છે. વરસાદ સારો પડે અને સોળ આની વરસ થાય તેવા હેતુથી દર વર્ષે હવન કમિટી આ યજ્ઞનું આયોજન કરે છે. રાજુલાના વિદ્વાન ભૂદેવો દ્વારા હવન અને પૂજા કરાવવામાં આવશે. જેમાં યજ્ઞમાં વિનામૂલ્યે બેસી શકાશે. ચેમ્બર ઓફ કોમર્સના માજી પ્રમુખ બકુલભાઈ અને સુરેશભાઈ દ્વારા આ માટે નામ નોંધણી શરૂ કરવામાં આવી છે. તમામ નામો એકત્રિત થયા બાદ ડ્રો દ્વારા નક્કી કરવામાં આવશે કે હવનમાં કોણ બેસવાનું છે. હવનના દિવસે ગાયોની નીરણ અને પક્ષીઓની ચણ જેવા કામ માટે દાન પણ સ્વીકારવામાં આવશે. ૧૯મીએ રાજુલા શહેરના વેપારીઓ બંધ પણ પાળશે. તમામ જ્ઞાતિના વેપારીઓ બંધમાં જોડાઈ કોમી એકતાના દર્શન કરાવશે.

# ભરતભાઈ સુતરીયા સહિતના મહાનુભાવોનું તુલસીશ્યામ મંદિરે સન્માન કરવામાં આવ્યું

અમરેલી, તા.૧૪



આજે સાંજે તુલસીશ્યામ મંદિર ખાતે ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અતુલભાઈ, અમરેલી તાલુકા પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખ સાવલીયા સહિતના મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંદિરના ટ્રસ્ટી દરબાર મહેશભાઈ કોટીલા દ્વારા શ્યામ ભગવાનનું ફોટો ચિત્ર અને શાલ ઓઢાડી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. જગ્યાના ભીખાભાઈ કોટીલા અને સંજય કુમાર બારોટ દ્વારા પણ તુલસીશ્યામ ટ્રસ્ટ તરફથી શ્યામ ભગવાનનું સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સુતરીયા સાંજે શ્યામના દર્શન કરી ખુબ પ્રભાવિત થયા હતા.

# બગસરા ના.શ.સ.મંડળી લી. દ્વારા બાજપાઈ સહાય નિધિ ચુકવાઈ

અમરેલી,તા.૧૪



બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની શાખા ચલાલાના સભાસદ કાળુભાઈ ખોડાભાઈ ચાવડા તથા જયસુખભાઈ કાનજીભાઈ કાથરોટીયાનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂપિયા ૨૫૦૦૦/- નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ વેળાએ મંડળીના જનરલ એમ. ડી. નિતેશભાઈ ડોડીઆ, શાખા એમ.ડી. મહેશભાઈ વ્યાસ સહિત મંડળીના કર્મચારીઓ હાજર રહ્યાં હતા.

# લીલીયા કે અમરેલી તરફથી આવતા લોકોને ૧૦ કિ.મી.નો ફેરો

અમરેલી,તા.૧૪



લીલીયા તાલુકામાં અંટાળીયા ચોકડી અને સાજણટીંબા વચ્ચે જર્જરિત પુલના બે નાળા ગત ચોમાસામાં ધરાશાયી થયા બાદ તંત્રએ અત્યાર સુધી માટી નાખી કામ રોડવ્યું હતું. તંત્રને પુલની મરામતનો ટાઈમ ન મળતા આ ચોમાસામાં માટીનું ધોવાણ થવાથી હવે રસ્તો બંધ કરવાની નોબત આવી છે. જેને પગલે વાહન ચાલકોને દસ કિમીનો ફેરો ખાવા જવુ પડે છે. લીલીયા કે અમરેલી તરફથી આવતા લોકોને હવે સાજણટીંબા માટે અંટાળીયા ચોકડીએથી જવાને બદલે હાથીગઢ થઈને સાજણટીંબા જવુ પડે છે અથવા તો લુવારીયા થઈને સાજણટીંબા જવુ પડે છે. આમ વાહન ચાલકોને દસ કિમીનો વધારાનો ફેરો ખાવો પડે છે. સૌથી મોટી કઠણાઈની વાત એ છે કે ચોમાસાની સ્થિતિના કારણે તાબડતોબ પુલ રીપેર પણ થઈ નહી શકે જેથી આવનારા ચાર માસ લોકોને આ હાડમારી વેઠવી પડશે.

**પાણી-પુરવઠા તંત્રની ઘોર બેદરકારીને કારણે થઈ રહી છે પાણીની મુશ્કેલી**

# ચિત્તલ-જસવંતગઢની પ્રજાના પીવાના પાણી માટે વલખા


**મહી પરીએજ યોજના જ એકમાત્ર પીવાના પાણીનો આધાર**

અમરેલી,તા.૧૪

અમરેલી તાલુકાના ચિત્તલ અને જસવંતગઢના લોકોને પીવાના પાણી અંગે ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ચમારડી પાણી-પુરવઠાના સમ્પથી ચિતલ સમ્પ નીચે આવતા ચિતલ, જસવંતગઢ, વેણીવદર, અમરાપુર, વરૂડી, દહીંડા, પીપળલગ સહિતના ૧૫ જેટલા ગામોને પીવાના પાણીની મુશ્કલી પડી રહી છે. સ્થાનિક સોર્સમાં પાણીનો જથ્થો ન હોવાને કારણે મોટાભાગના ગામોમાં મહી પરીએજ યોજના જ એકમાત્ર પીવાના પાણીનો આધાર છે. આ તમામ મુશ્કેલીને ધ્યાને લઈ પાણી-પુરવઠાના યાંત્રિક વિભાગને રજૂઆત કરવા છતાં કોઈ ધ્યાન લેવામાં આવતુ નથી. પાણી માટે મોટર કાર્યરત રાખવાની જગ્યાએ મોટર બંધ છે તેવા તંત્ર દ્વારા ઉડાઉ જવાબો આપવામાં આવે છે. ચિત્તલ પા.પુ.તંત્રની બેદરકારીને કારણે આખો ઉનાળો આ વિસ્તારની પ્રજાને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તંત્રએ તા.૧૦થી તા.૧૪ સુધી મહીની લાઈન બંધ રહેશે તેવુ જણાવેલ હતું પરંતુ ચિતલ જૂથ નીચે આવતા ૧૫ ગામોને તો તા.૫ થી જ પાણીથી વંચિત રાખવામાં આવેલ છે. તા.૧૪ના રોજ પાણી ચાલુ કરતા માત્ર બે કલાકમાં જ પાણી બંધ થઈ ગયેલ હતું. આ અંગે તપાસ કરતા મશીનરી સેટ ખરાબ થઈ ગયો છે તેવુ રટણ તંત્રએ ચાલુ કર્યુ હતું. આમ,પાણીની મુશ્કેલી અંગે જસવંતગઢના સરપંચ અશોકભાઈ માંગરોળીયાએ આ બાબતે ચિત્તલ જૂથ પાણી-પુરવઠાને જવાબદાર ગણી રોષ વ્યકત કર્યો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ – ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગટ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# જિલ્લામાં વસતા વિચરતી-વિમુક્ત જાતિના અગ્રણીઓ સાથે સંવાદ કાર્યક્રમ

**વિચરતી અને વિમુક્ત જાતિના ઉત્થાન માટે કેન્દ્ર સરકારે કલ્યાણ બોર્ડની સ્થાપના કરી છે : ભરત પટ્ટણી**

અમરેલી,તા.૧૪

ભારત સરકાર દ્વારા સ્થાપિત ડેવલપમેન્ટ એન્ડ વેલફેર બોર્ડ ફોર ડિનોટીફાઈડ નોમેડિક એન્ડ સેમી નોમેડિક કોમ્યુનિટીઝ (DWBNC)ના સભ્ય ભરત પટ્ટણીના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વસતા અને આસપાસના જિલ્લાના વિચરતી અને વિમુક્ત જાતિના સામાજિક અગ્રણીઓ સાથે સંવાદ અને અમરેલી જિલ્લાના કલસ્ટરમાં આવેલ વસાહતની મુલાકાતનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભારત સરકાર દ્વારા આ સમુદાયના કલ્યાણ અર્થે સ્થાપવામાં આવેલા બોર્ડની કામગીરી વિશે સભ્ય ભરત પટ્ટણીએ માહિતી આપી હતી. તેમણે વિચરતી અને વિમુક્ત જાતિના આઝાદીની લડતમાં આપેલા યોગદાનથી લઈને વર્તમાન સમય સુધીના ફાળાના ગૌરવવંતા ઈતિહાસની વિગતો આપી હતી. ભરત પટ્ટણીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્દેશનમાં વર્ષ ૨૦૧૫ ડિનોટીફાઈડ નોમેડિક એન્ડ સેમી નોમેડિક કોમ્યુનિટીના ઉત્થાન માટે ઈદાતે કમિશનની રચના કરવામાં આવી હતી. આ કમિશનની ભલામણના આધારે વર્ષ ૨૦૨૧માં કલ્યાણ બોર્ડની સ્થાપના કરવામાં આવી છે. આ



બોર્ડના માધ્યમથી વિચરતી અને વિમુક્ત જાતિના ઉત્થાન માટે ગુજરાત રાજ્યમાં સીડ યોજના અંતર્ગત આધાર કાર્ડ, આયુષ્માન કાર્ડ, રાશન કાર્ડ સહિતની ગરીબ કલ્યાણ લક્ષી યોજનાઓના લાભ અપાવવામાં આવી રહ્યા છે. આ યોજના અંતર્ગત રાજ્યના ૧૦ જિલ્લામાં કામગીરી થઈ રહી છે અને આગામી દિવસોમાં ૧૮ જિલ્લાઓમાં કામગીરી થશે. વિચરતી અને વિમુક્ત જાતિને રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩માં રહેણાક માટે ચોક્કસ જમીન આપવા માટે નિર્ણય કરવામાં આવ્યો હતો, આ અંતર્ગત રાજ્યમાં શ્રેષ્ઠ કામગીરી થઈ છે. આગામી દિવસોમાં અમરેલી જિલ્લામાં વસતી વિચરતી અને વિમુક્ત સમુદાયની બહેનોના સ્વસહાય જૂથો તૈયાર કરી તેમને આત્મનિર્ભર બનાવવા પ્રયાસ કરવામાં આવશે. આ પ્રસંગે ભરત પટ્ટણીએ સામાજિક આગેવાનોને શૈક્ષણિક ક્ષેત્રે સામાજિક ઉત્થાન થાય તે માટે આગળ આવવા અને દીકરીઓને શિક્ષિત કરવા માટે અપીલ કરી હતી. સાથે જ તેમણે સામાજિક એકતા, સમરસતા અને સમાનતા માટેની જ્યોત પ્રજવલ્લિત રહે તે માટે ઘટતું કરવા અનુરોધ કર્યો હતો, તેમણે અમરેલી જિલ્લાના સામાજિક અગ્રણીઓના આવાસ, બી.પી.એલ. કાર્ડમાં નામ નોંધણી, શાકભાજી સહિતની વસ્તુઓના છુટક વેપાર કરતા લોકો માટે બજારની રચના સહિતની બાબતો વિશે વિગતો મેળવી, સરકારના સહયોગથી તે દિશામાં ક્યા પગલાંઓ ભરી શકાય તે માટે ઘટતું કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## ચાંચબંદર ગામે પત્નીએ માવો ખાતા પતિએ ઢીકાપાટુ માર્યા

**પરીણીતાએ પતિ સામે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૧૪

રાજુલાના ચાંચબંદર ગામે એક આશ્ચર્યચકિત કરતો કિસ્સો સામે આવ્યો છે. પત્નીએ માવો ખાતા પતિને ગમ્યું નહોતું અને ફટાકારી હતી. બનાવ અંગે મીરાબેન વિપુલભાઈ ધુંધળવા (ઉ.વ.૩૭) એ પતિ વિપુલભાઈ હમીરભાઈ ધુંધળવા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે માવો ખાધો હોવાથી પતિને ગમ્યું નહોતું, જેથી ઢીકાપાટુનો માર મારીને ગાળો આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ. એલ.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## વરસાદને કારણે જાફરાબાદ તાલુકાના રોડ બિસ્માર હાલતમાં

**જિ.પં.ના કારોબારી ચેરમેને જિ.પં.ના પ્રમુખને પત્ર પાઠવી રજૂઆત કરી**

અમરેલી, તા.૧૪

જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામથી અલ્ટ્રાટેક કંપની કોવાયા કોવાયા જતો માર્ગ ખૂબ ખરાબ હોય અકસ્માત થવાની ઘણી સંભાવના છે. આ રસ્તો કંપનીને સોંપેલ હોય તેમજ રીપેર અને જાળવણી કરવાના કંપની સાથે કરાર થયેલા છે. અવારનવાર રીપેર કરવા છતાં થોડા સમયમાં માર્ગ ખરાબ થઈ જાય



છે. અમરેલી જિલ્લા પં. કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલએ જિલ્લા પંચાયતના પ્રમુખને પત્ર પાઠવ્યો છે. પત્રમાં જણાવ્યુ છે કે, અહીં હાલ ચોમાસાના લીધે રસ્તાની બિસ્માર હાલત થયેલ હોય તો આ રસ્તો નવો બનાવવાની જરૂર છે તો તાત્કાલિક આ રસ્તો નવો બનાવવા કાર્યવાહી શરૂ કરવી. રસ્તાનું યોગ્ય નિરાકરણ આવે તો વાહન ચાલકોને મુશ્કેલીમાંથી રાહત મળે તેમ અંતમાં જણાવ્યું હતું.

## રાજુલા પોલીસ સ્ટેશનમાં મહોરમને લઈ ખાસ મિટિંગ મળી

રાજુલા, તા.૧૪



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. ગીડાના અધ્યક્ષ સ્થાને એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના તમામ સમાજના અગ્રણીઓ, વેપારીઓ, ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનો તેમજ મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મોહરમના તહેવારની શાંતિથી ઉજવણી થાય તેવી રાજુલા પી.આઈ. ગીડા દ્વારા અપીલ કરવામાં આવી હતી.

## બાબરામાં રોગચાળો વકરે તે પહેલા ડીટીટીનો છંટકાવ કરવા રજૂઆત

**નગરપાલિકા તંત્ર અને પ્રાદેશિક નિયામકને પણ પત્ર પાઠવ્યો**



બાબરા,તા.૧૪

અમરેલી જિલ્લામાં છેલ્લાં ઘણા દિવસોથી વરસાદ વરસી રહ્યો છે. જેમાં બાબરા શહેરમાં પણ વરસાદ વરસતા ઠેર-ઠેર પાણીના ખાબોચીયા ભરાઈ ગયા છે. પાણીના ખાબોચીયા ભરાઈ રહેતા હોવાથી શહેરીજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. વરસાદનો કારણે કાદવ-કિચડનું સામ્રાજય ફેલાયુ હોવાથી રાહદારીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરમાં મચ્છરજન્ય રોગચાળો માથુ ન ઉચકે તે માટે બાબરા ચેમ્બર ઓફ કોમર્સના જનરલ સેક્રેટરી પરેશભાઈ સોની દ્વારા ડીટીટીનો છંટકાવ કરવા પાલિકા તંત્ર અને પ્રાદેશિક કમિશનરને પણ રજૂઆત કરી છે.

## અમરેલીમાં રામેશ્વર સોસાયટીમાં રહેતી બાળકીએ જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરી



તસવીર : હાર્દીક બામટા

અમરેલી, તા.૧૪

અમરેલીના રામેશ્વર સોસાયટીમાં રહેતા બાળકો દ્વારા લોકોને પોતાના જન્મ દિવસની ઉજવણી કેવી રીતે કરવી તેની શીખ આપવામાં આવી હતી. આ સોસાયટીમાં રહેતા સાક્ષીબેન અશોકભાઈ વનરાએ જન્મ દિવસ નિમિત્તે પોતાના મિત્રો બાળકો ભેગા મળીને એક વૃક્ષ વાવીને તેના જન્મ દિવસની ઉજવણી કરી હતી.

## ઈસુદાન ગઢવીની ઉપસ્થિતિમાં અમરેલીમાં મિશન વિસ્તાર કાર્યક્રમ અંતર્ગત આપની બેઠક

અમરેલી તા.૧૪

આમ આદમી પાર્ટીએ સમગ્ર ગુજરાતના તમામ ૫૫૦૦૦ બુથોના સંગઠન નિર્માણ માટે મિશન વિસ્તાર કાર્યક્રમની શરૂઆત કરી છે. જે અંતર્ગત અમરેલીમાં બેઠક યોજવામાં આવી હતી. આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, નેશનલ જોઈન્ટ સેક્રેટરી ગોપાલભાઈ ઈટાલીયા, ગુજરાત પ્રદેશ મહામંત્રી મનોજભાઈ સોરઠીયા, જિલ્લા પ્રમુખ



નિકુંજ સાવલિયા, કાંતિભાઈ સતાસિયા અને પ્રદેશ નેતાઓ અમરેલી ખાતે મિશન વિસ્તાર કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં. આ મિટિંગમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓ, સ્થાનિક હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## ધારીના આંબરડીમાં લાખોની સંખ્યામાં ઈયળો ઉભરાતા રસ્તાઓ ભરાઈ ગયા!

અમરેલી, તા.૧૪

આંબરડી ગામમાં એક અજાયબ ઘટના બની છે. ગામના રસ્તાઓ લાખોની સંખ્યામાં ઈયળોથી ભરાઈ ગયા છે. સ્થાનિક લોકો આ ઘટનાથી ભયભીત અને ચિંતિત છે. ગ્રામીણોનું કહેવું છે કે આ ઈયળો ગઈકાલ રાત્રે અચાનક દેખાઈ હતી અને ગામના તમામ રસ્તાઓ અને ખેતરોમાં ફેલાઈ ગઈ છે. ઈયળોની સંખ્યા એટલી વધારે છે કે લોકોને



ચાલવામાં પણ મુશ્કેલી પડી રહી છે. આ ઘટનાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. કેટલાક લોકો માને છે કે આ ઈયળો વરસાદના કારણે ઉભરાઈ છે, જ્યારે અન્ય લોકો માને છે કે તે કોઈ રોગનું કારણ હોઈ શકે છે. આ ઘટના ગામના લોકો માટે ચિંતાનો વિષય બની ગઈ છે. ઈયળો ખેતરોમાં પાકને નુકસાન પહોંચાડી શકે છે અને ગામના લોકોના સ્વાસ્થ્ય માટે પણ જોખમી બની શકે છે.

## મીઠાપુર (ડુંગરી) ગામની સીમમાં વાડીમાંથી ટ્રેક્ટરની બેટરી ચોરાઈ

**ચલાલાના એએસઆઈએ ગુનો નોંધી તપાસ શરૂ કરી**

ચલાલા, તા.૧૪

ચલાલાના મીઠાપુર (ડુંગરી) ગામની સીમમાં વાડીમાંથી ટ્રેક્ટરની બેટરી ચોરાઈ હતી.

બનાવ અંગે પ્રવિણભાઈ લાલજીભાઈ રાંક (ઉ.વ.૫૨) એ અમીતભાઈ વિજયભાઈ સોલંકી નામના ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમની વાડીમાં પ્રવેશ કરી ટ્રેક્ટરની બેટરી કાઢીને ચોરી લીધી હતી.

પોલીસ ચોપડે બેટરીની કિંમત ૫૧૦૦ રૂપિયા જાહેર થઈ હતી. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ નિરજકુમાર ભીખાલાલ દાફડા વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**અમરેલી**

અમરેલી નિવાસી ભીખાભાઈ મોહનભાઈ ગજેરા (ઉ.વ. ૫૪) નું તા.૧૪ના અવસાન થયું છે. તે સતિષભાઈ, અક્ષયભાઈના પિતા થાય છે. તેમનું સદ્ગતનું બેસણું તેમના નિવાસ સ્થાન એ-૨૦૧, વિશ્વાસ આઈકોન, ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી, અમરેલી ખાતે તા. ૧૫ને સોમવારે સવારે ૮:૦૦થી સાંજના ૬:૦૦ સુધી રાખેલ છે.


ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025


પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
PROFESSIONAL spa Amreli
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
એપોઈન્ટમેન્ટ માટે : Mo.70169 65665

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.


નિર્મળ સાવલીયા
૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા
૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# સાવરકુંડલામાં ગૌશાળા ખાતે ધારાસભ્ય દ્વારા વૃક્ષારોપણ કરાયું

### ગૌશાળાના ટ્રસ્ટીઓ અને ભાજપ આગેવાનો હાજર રહ્યાં



સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલામાં આવેલ ભુવા રોડ ઉપર શિવાજીનગર ગૌશાળામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સાવરકુંડલાના ભુવા રોડ ઉપર છેલ્લા ઘણા વર્ષથી ગૌશાળા ચાલે છે જેનું ટ્રસ્ટી મંડળ દ્વારા સંચાલન કરવામાં આવે છે આ ગૌશાળામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વૃક્ષારોપણ કર્યું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગૌશાળાના ટ્રસ્ટીઓ તેમજ શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, પ્રતિકભાઈ નકરાણી(લાયન્સ ક્લબ પ્રમુખ) અશોકભાઈ ચૌહાણ, વિજયસિંહ વાઘેલા તથા ભાજપ આગેવાનો અને ગૌશાળા સંચાલકો દ્વારા પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# અમરેલી જિલ્લાના અનુ. જાતિના યુવક-યુવતીઓ માટે વિવિધ તાલીમ શિબિરનું આયોજન

અમરેલી,તા.૧૪

રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, ગાંધીનગર દ્વારા આયોજિત અને અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા સંચાલિત રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષના અનુસૂચિત જાતિના યુવકો અને યુવતીઓના સર્વાંગી વિકાસ માટે તાલુકાકક્ષાએ વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન અમરેલી જિલ્લાનાં તમામ તાલુકામાં થશે. અમરેલી જિલ્લાનાં પ્રત્યેક તાલુકામાં યુવક-યુવતીઓ માટે નિયત કરવામાં આવેલા સ્થળે ૪ દિવસ માટે ૪૫ યુવક યુવતીઓ માટે વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર ઓગષ્ટ મહિનામાં યોજાશે. શિબિરાર્થીઓના વ્યક્તિગત વિકાસ માટે યુવક મંડળની સ્થાપના, રચનાની કાર્ય પદ્ધતિ, પંચાયતી માળખાનો ખ્યાલ, નેતૃત્વ અંગેના ગુણોની ચર્ચા, સામાજિક દૂષણો સામે વિરોધ, રાષ્ટ્રીય એકતા તેમજ યુવક યુવતીઓની શક્તિઓને રચનાત્મક માર્ગે વાળવા અંગે તજજ્ઞો દ્વારા વિવિધ માર્ગદર્શન આપવામાં આવશે. શિબિરાર્થીઓના શારીરિક-માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ માટે યોગ શિક્ષકો દ્વારા વિવિધ પ્રકારના આસનો દ્વારા સમજ આપવામાં આવશે. શિબિરાર્થીઓને આવવા-જવાના પ્રવાસ, ભોજન તેમજ નિવાસ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે. અમરેલી જિલ્લાનાં યુવક-યુવતીઓએ તાલીમ શિબિરમાં જોડાવા માટેનું ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, બ્લોક સી, પ્રથમ માળ, રુમ નં.૧૧૦-૧૧૧ અમરેલી પરથી મેળવી તા.૨૨ જુલાઈ સુધીમાં મોકલી આપવાના રહેશે.

# જુની બારપટોળી ગામે બાવળની કાંટમાંથી યુવકની લાશ મળી

### હમણા આવું છું કહીને ઘરેથી જતો રહ્યો હતો

રાજુલા, તા.૧૪

રાજુલાના જુની બારપટોળી ગામે એક યુવક હમણા આવું છું તેમ કહીને ઘરેથી નીકળ્યો હતો. જે બાદ તેની લાશ મળી આવી હતી. બનાવ અંગે હરેશભાઈ ભુપતભાઈ મકવાણા (ઉ.વ.૨૪)એ જાહેર કર્યા મુજબ, તેમનો સગોભાઈ ગોપાલભાઈ ભુપતભાઈ મકવાણા (ઉ.વ.૨૨) ત્રણ દિવસ પહેલા હમણા આવું છું તેમ કહીને ઘરેથી જતો રહ્યો હતો. જે બાદ તેની લાશ જુની બારપટોળી ગામના વસળુ તળાવની સામે બાવળની કાંટમાંથી મળી આવી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.વી.સમા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા-સુરત બસમાં ટિકિટ-મશીન ખરાબ થતાં મુસાફરો પરેશાન

બગસરા, તા.૧૪

આજે સવારે બગસરાથી સુરત જતી એસટી બસ નિયત સમય કરતા એક કલાક મોડી ઊપડી હતી. મળતી માહિતી મુજબ, બસ શહેરની બહાર નીકળતાની સાથે જ ટિકિટ-મશીનમાં ખરાબી આવી ગઈ હતી. જેના કારણે ડ્રાઈવર અને કંડકટરે બસને ત્યાં જ રોકી દીધી હતી. આ ઘટના બગસરા એસટી ડેપોની ગેરરીતિઓ ઉજાગર કરે છે, જ્યાં વારંવાર લાંબા રૂટની બસો નિયત સમયમાં ઉપડતી નથી. બસમાં મુસાફરી કરી રહેલા લોકો ખૂબ પરેશાન થઈ ગયા હતા. કેટલાક લોકોને તો મહત્વપૂર્ણ કામકાજ પર પણ જવાનું હતું. મુસાફરોએ જણાવ્યું કે, ડ્રાઈવર અને કંડકટરે ટિકિટ-મશીન બગડવાની ફરિયાદ સાથે ઓપરટરને બોલાવ્યો હતો, પરંતુ ઓપરેટર એક કલાક સુધી આવ્યો ન હતો. આખરે, ઓપરેટરે આવીને ટિકિટ-મશીન રીપેર કર્યું અને બસ એક કલાકના વિલંબ બાદ ઊપડી. આ ઘટના બાદ મુસાફરોએ માંગ કરી છે કે, એસટી વિભાગ દ્વારા આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે કડક પગલાં લેવામાં આવે. બસો ઊપડતા પહેલાં મશીનોની સંપૂર્ણ તપાસ કરવામાં આવે જેથી મુસાફરોને આવી અસુવિધાઓનો સામનો કરવો ન પડે.



# અમરેલીમાં વ્યાજખોરોએ જીવવું હરામ કર્યુ: ગાળો બોલી ધમકી આપી

અમરેલી, તા.૧૪

રાજ્યમાં લોકોને વ્યાજના વિષચક્રમાંથી મુક્ત કરવા રાજ્ય સરકારે ખાસ ડ્રાઈવ શરૂ કરી છે. વ્યાજખોરો પર લગામ કસવા ગુજરાત પોલીસ કડક કાર્યવાહી કરી રહી છે. અમરેલીમાં રહેતા અને ધોબી કામ કરતા યુવકને વ્યાજે રૂપિયા લેવાનું ભારે પડ્યું હતું. વ્યાજંકવાદીએ તેમને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે ધર્મેશભાઈ પ્રવિણભાઈ વાઘેલા (ઉ.વ.૪૧) એ દાદાભાઈ અમરૂભાઈ વાળા, મેઘજીભાઈ મોહનભાઈ સગર, ભાણાભાઈ ગેરેજવાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓ પાસે વ્યાજે પૈસા આપવાનું લાયસન્સ ન હોવા છતાં તેમને રૂ.૬૫,૦૦૦ ૭% માસિક વ્યાજે આપ્યા હતા. તેમના મિત્ર સાહેદ અજયભાઈ ઘનશ્યામભાઈ વિસાણી, રહે.રાજકોટ વાળાને રૂા.૧,૦૦,૦૦૦ ૭% માસિક વ્યાજે ત્રણેય આરોપીઓએ તેમના હસ્તક પૈસા આપ્યા હતા. જેમાં તેમણે છેલ્લા બે વર્ષ જેટલા સમય સુધી આરોપીઓને રૂા.૪૫૫૦ લેખે વ્યાજ ચૂકવ્યું હતું તથા સાહેદ અજયભાઈ રૂા.૭૦૦૦ લેખે ત્રણ હપ્તા ચૂકવી કયાંક જતા રહ્યા હતા. જેથી આ ત્રણેય આરોપીઓએ તેમની પાસે અવાર-નવાર વ્યાજના પૈસા બાબતે ઉઘરાણી કરી, જેમફાવે તેમ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ અમૃતભાઈ તલાભાઈ ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાની મહિલા કોલેજમાં કાલીદાસ જયંતીની ઉજવણી

અમરેલી,તા.૧૪

સાવરકુંડલામાં મહિલા કોલેજમાં કાલિદાસ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. અહીં વિદ્યાર્થિનીઓએ સંસ્કૃત વિષય પર રંગોળી અને ગીતોના પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. સાવરકુંડલા નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી.ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં અષાઢ માસના પ્રથમ દિવસે કાલિદાસ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓ દ્વારા સંસ્કૃત વિષય પર રંગોળીના પ્રોજેક્ટની ફાઈલ બનાવવામાં આવી હતી. તેમજ પદાર્થ પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ કાલિદાસના જીવન તથા કૃતિઓ વિશે વકતવ્ય આપ્યું હતું. આ ઉપરાંત કોલેજના કાર્યકારી આચાર્ય ચાવડાએ વક્તવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો.પ્રતિમા શુક્લએ કર્યું હતું. આભાર દર્શન કે.બી. પટેલએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થિનીઓએ જહેમત ઉઠાવી હતી.

# દામનગર પટેલ વાડીની પાસે ટ્રાન્સફોર્મરથી અકસ્માતનો ભય

દામનગર, તા. ૧૪



દામનગરમાં પટેલ વાડીની બાજુમાં અશોકભાઈ વાડીલાલના હીરાના કારખાના પાસેનું ટ્રાન્સફોર્મર સુરક્ષિત કરવાની જરૂર છે. જો તેને સુરક્ષિત નહી કરવામાં આવે તો અકસ્માત થવાનો ભય છે. દામનગર શહેરમાં પીજીવીસીએલ દ્વારા લગભગ ઘણા વિસ્તારોમાં ટ્રાન્સફોર્મરોને સુરક્ષિત કરવામાં આવ્યા છે. પરંતુ પટેલ વાડી પાસે આવેલ અશોકભાઈ વાડીલાલના હીરાના કારખાનાની બાજુમાં આવેલ ટ્રાન્સફોર્મરને સુરક્ષિત કરવામાં આવે એવી માંગ ઉઠી છે.

# જિલ્લામાંથી નશામાં ચૂર થઈને ફરતાં ૧૪ પકડાયા

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લામાં પોલીસે વિવિધ સ્થળેથી નશામાં ચૂર થઈને ફરતાં ૧૪ ઈસમોને ઝડપી પાડ્યા હતા. સાવરકુંડલા, ટીબી ચેકપોસ્ટ, વિકટર ચેકપોસ્ટ તથા દાતરડી ચેકપોસ્ટ પરથી ૪ ઈસમો પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જિંદગી જોખમાય તે રીતે વાહન ચલાવતાં મળી આવ્યા હતા. સેંજળ ગામેથી ૧૦ લીટર, રાજુલામાંથી ૧૨ લીટર તથા અમરેલીમાંથી ૧૫ લીટર મળી કુલ ત્રણ જગ્યાએથી ૩૭ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: નોમ
તા. ૧૫-૦૭-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૫:૩૩,
સૂર્યાસ્ત-૦૭:૨૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: સ્વાતિ

## દૈનિક રાશિફળ

તા.૧૫-૦૭-૨૦૨૪ સોમવાર

મેષ: કોઇપણ અપેક્ષિત શુભ પરિણામની પ્રાપ્તિથી મન પ્રસન્ન રહેશે. કોઈ પ્રિય વ્યક્તિ સાથે રમૂજમાં રાતનો સમય પસાર થશે.

વૃષભ: આજે શ્રેષ્ઠ વ્યક્તિ સાથેની મુલાકાતને કારણે મનમાં ખુશી રહેશે. સાંજથી રાત સુધી અનિચ્છનીય મુસાફરીનો યોગ છે.

મિથુન: આજે તમારી શક્તિમાં વધારો થવાને કારણે શત્રુઓનું મનોબળ ઘટશે. પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે.

કર્ક: આજે તમે જે પણ કામ કરશો તે સરળતાથી થઈ જશે. પરંતુ ધ્યાનમાં રાખો કે આજે નકામા કાર્યોમાં સમય બગાડો નહીં.

સિંહ: આજે તમારા વિરોધીઓ પરાજિત થશે. આ સાથે તમારું પારિવારિક જીવન પણ સુખી રહેશે. રાજકીય સમર્થન પણ મળશે.

કન્યા: આજે તમે વ્યવસાયમાં પ્રગતિથી ખૂબ જ ખુશ રહેશો. વિદ્યાર્થીઓ બૌદ્ધિક અને માનસિક બોજમાંથી રાહત અનુભવશે.

તુલા: નવી ઓળખાણ કાયમી મિત્રતામાં બદલાશે. નજીક અને દૂરની મુસાફરીની બાબત મુલતવી રાખવામાં આવશે.

વૃશ્ચિક: સાંસારિક આનંદ અને સન્માનમાં વધારો થશે, ભાગ્યનો વિકાસ યોગ ચાલી રહ્યો છે. આ સાથે નવી શોધોમાં પણ રસ વધશે.

ધન: આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત અને તણાવમુક્ત રહેશે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં મહત્તમ સમય પસાર કરવાની સલાહ આપવામાં આવે છે.

મકર: આજનો દિવસ મિશ્ર લાભનો છે. આજે વ્યાવસાયિક બાબતો વચ્ચે વ્યક્તિગત મતભેદો લાવવાથી નુકસાન થઈ શકે છે.

કુંભ: આજે તમે કોઈ પ્રિયજનના સ્વાસ્થ્યને લઈને ચિંતિત રહેશો. તમારા જુનિયરો પાસેથી કામ મેળવવા માટે, તમારે પ્રેમથી કામ કરાવવું પડશે.

મીન: ખોવાયેલા પૈસા અથવા અટકેલા પૈસા મળશે. કોઈપણ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ પરામર્શની શક્તિના આધારે પણ આવશે.

# સાવરકુંડલામાં યુવકને ટ્રેક્ટર દૂર ચલાવવાનું કહી ગાળો બોલી ધમકી આપી

### બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલામાં રહેતો એક યુવક ટ્રેક્ટર લઈને ઘરે જતો હતો ત્યારે રસ્તામાં અટકાવી તેને ટ્રેક્ટર દૂર ચલાવવાનું કહી ફટકાર્યો હતો. ઉપરાંત છુટ્ટા પથ્થરના ઘા મારી ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે ભરતભાઈ ઉર્ફે પિન્ટુ મધુભાઈ નગવાડીયા (ઉ.વ.૩૮)એ જયદીપ ઉર્ફે ડુંઘો, મહેશ ઉર્ફે ભગત કાળુભાઈ ચૌહાણ, સતીષ મહેશ ચૌહાણ તથા કાળુ તુલસી ચૌહાણ નામના ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાનું ટ્રેક્ટર ચલાવી પોતાના ઘરે જતા હતા તે વખતે તેમને ટ્રેક્ટર દૂર ચલાવવાનું કહી ગાળો આપી હતી. ઉપરાંત માથાના ભાગે કુહાડો માર્યો હતો. આ ઉપરાંત લોખંડના પાઈપ વડે તેમને તથા સાહેદોને માર મારી મુંઢ ઈજા પહોંચાડીને ઢીકાપાટુનો માર માર્યો હતો. છુટ્ટા પથ્થરના ઘા કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ સતીષભાઈ રણછોડભાઈ ઉર્ફે મહેશ ઉર્ફે ભગત ચૌહાણ (ઉ.વ.૧૯)એ ભરતભાઈ ઉર્ફે પિન્ટુ મધુભાઈ નગવાડીયા, મહેશભાઈ ઉર્ફે બાલી મધુભાઈ નગવાડીયા તથા મધુભાઈ મોહનભાઈ નગવાડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મામાનો દિકરો જયદીપ ઉર્ફે ડુંઘો મોટર સાયકલ ચલાવી ઘરે આવતા હતા તે વખતે આરોપીએ ટ્રેક્ટર ચલાવી સામે આવી ગાળો આપી હતી. જેથી ઠપકો આપવા જતા સારૂ નહોતું લાગ્યું અને માથામાં લાકડાનો ધોકો મારી હેમરેજ જેવી ગંભીર ઈજા કરી હતી. તેમજ તેમના દાદા કાળુભાઈને લોખંડના પાઈપ વડે શરીરે માર મારી મુંઢ ઈજા કરી હતી. ઉપરાંત આરોપીએ આડેધડ શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારી ગાળો આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી.એમ.જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના કેરાળા ગામના પાટીયા પાસે સુરતની ફોર વ્હીલે યુવકનો ભોગ લીધો

### પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી, અન્ય યુવક ઘાયલ

લાઠી, તા.૧૪

અમરેલી પંથકમાં માતેલા સાંઢની જેમ દોડતી ફોર વ્હીલોના કારણે અકસ્માતની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. અમરેલી લાઠી હાઈવે પર કેરાળા ગામના પાટીયા પાસે સુરત પાસિંગની ફોર વ્હીલે બાંકડે બેઠેલા યુવકને ટક્કર મારતાં મોત થયું હતું.

બનાવ સંદર્ભે મહેશભાઈ ભીખાભાઈ જીકાદ્રા (ઉ.વ.૪૦) એ જીજે-૦૫-જેઈ-૬૫૬૧ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના કાકાના દિકરા દિલીપભાઈ તથા સાહેદ ભાર્ગવ ભીમજીભાઈ મહિડા બન્ને કેરાળા ગામના પાટીયે અમરેલી-લાઠી હાઈવે ઉપર રોડની સાઈડમાં આવેલ બસ સ્ટેશનના બાંકડા ઉપર બેસેલ હોય તે દરમિયાન લાઠી તરફથી આવેલી ફોર વ્હીલ નંબર GJ-૦૫-JE-૬૫૬૧ના ચાલકે ગાડી પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી સ્ટિયરીંગ ઉપરનો કાબુ ગુમાવતાં બાકડા ઉપર બેઠેલા તેમના કાકાના દિકરાને ભટકાવી હતી. જેમાં તેને શરીરે નાની-મોટી ઈજાઓ થવાથી મોત થયું હતું તથા સાહેદને પણ શરીરે નાની મોટી ઈજા પહોંચી હતી. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.એમ. રાધનપરા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં દૂધ લેવા જતી પ્રૌઢાને અડફેટે લીધી

અમરેલી, તા.૧૪

અમરેલીમાં રહેતા શર્મિલાબેન રજનીકાંત ભીમાણી (ઉ.વ.૭૧)એ બાબરામાં રહેતા વિપુલભાઈ મનજીભાઈ ચારોલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ દૂધ લેવા જતા હતા ત્યારે ઠેબી ડેમ તરફથી આવેલા ચાલકે તેમને ટક્કર મારતાં ફ્રેક્ચરની ઈજા થઈ હતી.

અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો.

# રાજુલામાં પરિણીતાએ પુત્રીને જન્મ આપતાં સાસરિયાએ મારકૂટ કરી

રાજુલા, તા.૧૪

રાજુલામાં રહેતી એક પરિણીતાએ પુત્રીને જન્મ આપ્યો હતો જેને લઈ સાસરિયાએ તેને ત્રાસ આપ્યો હતો અને પતિ મારકૂટ કરી, ગાળો આપતો હતો. બનાવ સંદર્ભે હાલ સુરતમાં રહેતી સિમરનબેન વિનુભાઈ બાબરીયા (ઉ.વ.૨૩) પતિ વિનુભાઈ હામાભાઈ બાબરીયા, હંસાબેન હામાભાઈ બાબરીયા તથા કાજલબેન હામાભાઈ બાબરીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, લગ્નના એક વર્ષ બાદ દિકરીનો જન્મ થયો હોવાથી આરોપીઓને સારૂ નહોતું લાગ્યું. તેને મેણા-ટોણા મારી માનસિક દુઃખ ત્રાસ આપી અને કરિયાવર લઈ આવવાનું કહી અવાર-નવાર મારકૂટ કરી, જેમ ફાવે ગાળો આપી, શરીરે મુંઢમાર મારી મોઢાના ભાગે ડાબી આંખની નીચેના ભાગે એક ઢીકો મારી ઝઘડો કર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. કે.વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# મોંઘવારી સામે મોરચો

૨૦૨૪ ની ચૂંટણી બાદ મોંઘવારી સતત વધી રહી છે. શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે. એક સમયે ટમેટાનો ભાવ પેટ્રોલ કરતા વધી ગયો હતો તે સમયે માત્ર ધનવાનો જ ટમેટા ખાઈ શકે એવી સ્થિતિ હતી. આવી જ સ્થિતિ અન્ય શાકભાજીની પણ વારંવાર થાય છે આવા સંજોગોમાં બીજો વિકલ્પ કઠોળના શાકનો છે. કઠોળ પણ સસ્તુ નથી. શાકભાજીમાં મોંઘવારી દર ૨૯.૩ ટકા છે. ઉનાળામાં આકરી ગરમી તેમજ વાવાઝોડાની સ્થિતિમાં કમોસમી વરસાદની સ્થિતિમાં પાક ઉત્પાદન ઘટ્યા હતા. પરિણામે જૂનમાં શાકભાજી અને કઠોળ સહિત ખાદ્ય ચીજોના ભાવ અનેકગણા વધ્યા હતા. મુંબઈના એક પરામાં ગૃહિણીઓએ નક્કી કર્યુ કે શાકભાજીના આટલા ઉંચા ભાવ છે એટલે એનો બહિષ્કાર કરવો જોઈએ. સામૂહિક રીતે કોઈએ શાકભાજીની ખરીદી જ કરી નહી આથી આપમેળે શાકના ભાવ ડાઉન થવા લાગ્યા. ભાવવધારા સામે આ એક એવુ હથિયાર છે જે ફળો, શાકભાજીના ભાવ ઘટાડવામાં ચોક્કસ મદદરૂપ થઈ શકે. આજે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો જો જરૂર પુરતી જ ખરીદી કરે, કરક્સરને મહત્વ આપે તો મોંઘવારી સામે ઝીંક ઝીલી શકે. આજે બીનજરૂરી ખરીદી ટાળવામાં આવે તો પણ બચત થાય. ગ્રાહકોએ ભાવવધારા સામે સંગઠિત થવાની શરૂઆત કરવી જ પડશે. તેમણે નકકી કર્યુ હતું કે ટમેટા, કોથમીર, અન્ય શાકભાજીના ઉંચા ભાવ છે તો બે દિવસ ખરીદી કરવી જ નહી. આવા હજારો લોકોએ બે દિવસ શાકભાજીનો બહિષ્કાર કર્યો હતો. શાકભાજી એવી વસ્તુ છે કે લાંબો સમય જાળવી શકાય નહીં આથી તે બગડી જાય તે પહેલા મોટાપાયે શાકભાજી બજારમાં આવવા લાગ્યા છતાં કોઈ લેનાર ન હોવાથી ભાવ ઘટવા લાગ્યા. હવે વરસાદ પડયો છે અને ભાવ ઘટવા લાગ્યા છે એટલે કંઈ કરવાપણુ રહેતુ નથી તેવી માન્યતા ભૂલભરેલી છે. ગ્રાહકોએ સતત સંગઠિત રહીને ભાવવધારા સામે લડત આપવાની રહે છે. કારણ કે માત્ર એકાદ-બે બાબતથી જ કામ થવાનું નથી. ગ્રાહકો માત્ર શાકભાજી જ નહી અનાજ અને ફળોના ભાવ સામે લડત આપવા સંગઠિત થાય તે જરૂરી છે. શાકભાજીના ભાવ પુરવઠો શરૂ થતા જ ઘટવા લાગે છે હવે આટલો પુરવઠો બે- ત્રણ દિવસમાં ક્યાંથી આવી ગયો? સંગ્રહ કરવામાં આવ્યો હતો તે કાંદા-બટાટાની ટ્રકો બજારમાં ઠલવાવા લાગી તે રહસ્ય ગ્રાહકોએ સમજવાની જરૂર છે. ગ્રાહકોને ખંખેરવા કેવી કેવી બાબતો બની રહી છે તે પણ જાણવુ રહ્યું, મોંઘવારી ઘટતી નથી તેના કારણમાં ગ્રાહકોની અજ્ઞાનતા અને લાચારીનો લાભ લેવામાં આવી રહ્યો છે.

# નેપાળમાં 'પ્રચંડ' સરકાર પત્તાના મહેલની જેમ ગબડી પડી

કુદરતમાં જે રીતે ઋતુ પરિવર્તન અચાનક થાય છે તેવી જ રીતે રાજકારણમાં પણ ઘટનાઓ આકસ્મિક બની જતી હોય છે. જોકે આમાં આગોતરું આયોજન પણ હોય છે. રાજકારણમાં બધું ગુપ્ત રીતે ચાલતું હોય છે જેની દુનિયાને ખબર પડતી નથી પરંતુ જ્યારે ધડાકો થાય ત્યારે જ ખબર પડે કે સરકાર પડી ગઈ!! નેપાળના વડાપ્રધાનનું નામ પ્રચંડ છે. તેની બહુમતી પણ પ્રચંડ હતી અને છતાં પત્તાના મહેલની જેમ નેપાળની સરકાર પડી ગઈ. નેપાળ ભારત અને ચીનથી ઘેરાયેલો દેશ છે. વિશ્વનું સૌથી ઉંચું શિખર માઉન્ટ એવરેસ્ટ નેપાળમાં આવેલું છે. ઈ.સ. ૨૦૦૮ સુધી નેપાળ જગતનું એકમાત્ર હિન્દુ રાષ્ટ્ર હતું. એના નાના માપ પ્રમાણે ઘણું બહુભાષિક અને બહુસાંસ્કૃતિક છે. નેપાલની રાજધાની કાઠમંડુ છે. અહી હિન્દુ અને બૌદ્ધ ધર્મમાં લોકો માને છે. ભારતના પાડોશી દેશ નેપાળના રાજકારણમાં એક મોટો ભૂકંપ આવ્યો છે. પૂર્વ વડાપ્રધાન કે.પી. શર્માના વડપણ હેઠળની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાલે સરકારમાંથી ટેકો પાછો ખેંચી લેતા પ્રચંડને વિશ્વાસ મત મેળવવાની ફરજ પડી હતી. CPN-UML દ્વારા સરકારમાંથી સમર્થન પાછું ખેંચી લેવાથી હવે પ્રચંડ પાસે વિકલ્પો મર્યાદિત હતા, જેના કારણે તેમને તાત્કાલિક પદ પરથી રાજીનામુ આપવું અથવા એક મહિનાની અંદર વિશ્વાસ મત રજૂ કરીને પોતાની સરકારને યથાવત રાખવાની હતી. જ્યારે શુક્રવારે સંસદમાં વિશ્વાસ મત યોજાયો હતો, જેમાં તેઓ હારી ગયા હતા. જો છેલ્લા ત્રણ દાયકા દરમિયાન નેપાળની રાજકીય વ્યવસ્થાને સમજવામાં આવે તો બે મહત્વની બાબતો જોવા મળે છે પ્રથમ તો નેપાળમાં લોકશાહી અને સામ્યવાદનો ફેલાવો એકબીજાથી વિરોધાભાસી હોવા છતાં નેપાળમાં જ રાજકીય સંકટ ઊભું થયું છે. આ પણ સામ્યવાદ અને લોકશાહી વચ્ચે સંવાદિતાનું સંકટ છે. સુપ્રીમ કોર્ટે ભલે સંસદને પુનઃસ્થાપિત કરી




હોય, પરંતુ લોકશાહી અને સામ્યવાદ વચ્ચેના સંઘર્ષે અનેક પ્રશ્નોને જન્મ આપ્યો છે. નેપાળમાં કોમ્યુનિસ્ટ પાર્ટીનું માળખું સંપૂર્ણપણે વિખેરાઈ ગયું છે. કમ્યુનિસ્ટ પાર્ટીના બંને વરિષ્ઠ નેતાઓ - પુષ્પ કમલ દહલ ઉર્ફે પ્રચંડ અને કેપી શર્મા ઓલી એકબીજાના કટ્ટર વિરોધી તરીકે આગળ આવ્યા છે. આવી સ્થિતિમાં સામ્યવાદી વિચારધારા અને લોકશાહી પર પ્રશ્નો ઉભા થવાના છે. ૧૯૯૦થી જ્યારે નેપાળમાં લોકશાહીની શરૂઆત થઈ, ત્યારે કમ્યુનિસ્ટ પાર્ટી આજ સુધી મોટાભાગે સત્તામાં રહી છે. આવી સ્થિતિમાં, શું એવું માનવું જોઈએ કે લોકશાહી અને સામ્યવાદ એકબીજાના વિરોધી છે, બંને વચ્ચે સમાંતર રેખા દોરવી મુશ્કેલ છે. નેપાળની ચુસ્ત રાજકીય વ્યવસ્થા પણ આ જ કહી રહી છે. નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ 'પ્રચંડ'ને એક મોટો ઝટકો લાગ્યો છે. કારણ કે, પ્રચંડ સરકાર હવે સંસદમાંથી વિશ્વાસ મત ગુમાવી ચૂકી છે. ૧૯ મહિના સુધી સત્તામાં રહ્યા બાદ હવે તેમને પદ છોડવાની નોબત આવી છે. હકીકતમાં, ભૂતપૂર્વ વડા પ્રધાન કે.પી. શર્માની આગેવાની હેઠળના

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**


સીપીએન-યુએમએલ દ્વારા સરકારમાંથી ટેકો પાછો ખેંચી લીધા બાદ પ્રચંડને વિશ્વાસ મત મેળવવાની ફરજ પડી હતી. સીપીએન-યુએમએલએ સમર્થન પાછું ખેંચી લીધું હોવાથી, પ્રચંડના વિકલ્પો મર્યાદિત હતા, જેના કારણે તેમને તાત્કાલિક પદ છોડવું અથવા એક મહિનાની અંદર વિશ્વાસ મત રજૂ કરવાનો હતો. શુક્રવારે સંસદમાં વિશ્વાસ મત યોજાયો હતો, જેમાં તેઓ હારી ગયા હતા. લગભગ પાંચમી વખત પુષ્પ કમલ દહલ 'પ્રચંડ'ને સંસદમાં અવિશ્વાસ મતનો સામનો કરવો પડ્યો હતો. જો કે આ પહેલાના ચાર વિશ્વાસ મતના પ્રસ્તાવમાં તેઓ સફળ રહ્યા હતા. દહલ સરકારના ગઠબંધનના સૌથી મોટા પાર્ટનર CPN-UMLએ ૩ જુલાઈએ પોતાનું સમર્થન પાછું ખેંચી લીધું હતું. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૨થી વડાપ્રધાન બન્યા બાદ તેઓ અલ્પમત સરકારનું નેતૃત્વ કરી રહ્યા હતા અને તેમની આ સરકાર લગભગ ૧૯ મહિના સુધી ચાલી હતી. પ્રચંડ સરકારને ૨૭૫ સભ્યોની પ્રતિનિધિ સભામાંથી ૬૩ મતો મળ્યા હતા જ્યારે પ્રસ્તાવના વિરોધમાં ૧૯૪ મત પડ્યા હતા. જો કે વિશ્વાસ પ્રસ્તાવ જીતવા માટે લગભગ ૧૩૮ મતની જરૂર હોય છે. નેપાળના નીચલા ગૃહમાં સૌથી મોટી પાર્ટી નેપાળી કોંગ્રેસ સાથે સત્તા વહેંચણીને લઈને કરવામાં આવેલ સમજૂતી બાદ કે.પી. શર્માની પાર્ટીએ વર્તમાન સત્તાધારી પાર્ટીના ગઠબંધનમાંથી પોતાનો ટેકો પરત ખેંચી લીધો હતો. આથી વર્તમાનમાં, પ્રચંડની પાર્ટી પાસે માત્ર ૩૨ બેઠકો છે,

**નેપાળમાં અચાનક સત્તા પલટો. વિશ્વાસ મત મેળવવામાં અસફળ જતા વડાપ્રધાને આપ્યું રાજીનામું**

જ્યારે CPN-UML પાસે ૭૮ બેઠકો છે અને નેપાળી કોંગ્રેસ પાસે ૮૯ બેઠકો છે. NCA અને CPN-UML ગઠબંધન પાસે હવે ૧૬૭ બેઠકોનું સંખ્યાબળ છે. નેપાળના ૨૭૫ સભ્યોથી બનતા નીચલા ગૃહમાં સરકાર બનાવવા માટે ૧૩૮ સભ્યોની જરૂર છે, જ્યારે NC અને CPN-UML ગઠબંધન પાસે ૧૬૭ સભ્યોની સંખ્યા છે, જે નીચલા ગૃહમાં બહુમતીના આંકડા કરતાં ઘણી વધારે છે. દેઉબા અને ઓલી ફરી સત્તામાં આવે તેવી અટકળો હાલ ચાલી રહી છે. નેપાળ કોંગ્રેસ અને CPN-UML વચ્ચે થયેલી સમજૂતી અનુસાર, ઓલી અને દેઉબા ત્રણ વર્ષ માટે અનુક્રમે પીએમ પદ સંભાળશે. નેપાળી કોંગ્રેસના પ્રમુખ શેર બહાદુર દેઉબા પહેલાથી જ ઓલીને આગામી વડાપ્રધાન તરીકે સમર્થન આપી ચૂક્યા છે. નેપાળમાં પુષ્પ કમલ દહલ પ્રચંડના નેતૃત્ત્વવાળી સરકાર પડી ભાંગી છે. ૧૨ જુલાઈએ સંસદમાં તેઓ વિશ્વાસ મત મેળવવામાં અસફળ ગયા હતા. જે પછી તેમણે વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપ્યું છે. પાછલા સપ્તાહે તેમની સરકારમાંથી તેમના સહયોગી સીપીએન-યુએમએલ (CPN-UML)એ પોતાનું સમર્થન પાછું ખેંચ્યું હતું. દેશની ૨૭૫ સભ્યોની પ્રતિનિધિ સભામાં ૬૯ વર્ષિય પ્રચંડને ૬૩ મત મળ્યા હતા, જ્યારે વિશ્વાસ મતમાં તેમના વિરૂદ્ધ ૧૯૪ વોટ પડ્યા હતા. વિશ્વાસમત મેળવવા માટે તેમને ૧૩૮ મતની જરૂર હતી.

# સમજણ અને સ્વીકારનો સેતુ એ જ જીવનનો હેતુ

માનવ જીવનનો હેતુ શું? આ પ્રશ્નનો જવાબ પણ દરેક પોતપોતાની સમજણ મુજબ આપી શકે. એનો સીધો અર્થ એમ પણ થાય કે માનવના જીવનમાં સફળતા, સુખ કે શાંતિ માટે સમજણનું ખૂબ મહત્વનું યોગદાન રહેલું છે. ગમે તેવી પરિસ્થિતિ હોય કે પછી ગમે તેવો સમય હોય સમજણ વિના મનુષ્ય સુખી થઈ શકતો નથી. એક જ પ્રકારની પરિસ્થિતિમાં બે વ્યક્તિને મૂકવામાં આવે અને પછી બેયના અભિપ્રાય લેવામાં આવે તો બંનેના સુખનો સિનારીયો જુદો જુદો જોવા મળશે. બંનેના સંતોષની માત્રા ઝાઝી થોડી જોવા મળશે. તેનું કારણ બન્ને વ્યક્તિની સમજણની માત્રામાં ફરક હોય છે. દાખલા તરીકે આપણા ઘરે કોઈ પ્રસંગમાં ઉનાળાના બપોરના સમયે એક ગરીબ અને એક અમીર વ્યક્તિને નળિયાવાળા પાકા મકાનમાં આરામ કરવા માટે મોકલીએ તો ગરીબ વ્યક્તિ ઊંઘી જશે અને અમીર ગરમીમાં અકળાશે. અહીં બન્ને માટે પરિસ્થિતિ સરખી છે પણ બન્નેની સ્વીકારવાની સમજણ જુદી જુદી છે માટે આવું બને છે. જીવનમાં રોજબરોજના વ્યવહારમાં પણ ડગલે ને પગલે થતી ક્રિયા કે પ્રતિક્રિયામાં આપણી સમજણ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. વાત-વાતમાં ખોટું લાગી જવું, અકારણ અપેક્ષાઓ, અહમને પકડી રાખવો, આપણી વાત જ સાચી, મને જ બધી ખબર પડે, સૌથી પહેલા મને જાણ કરવાની વગેરે અનેક પ્રકારની બાબતો વ્યક્તિને સમજણના અભાવે અથવા તો ગેરસમજણના કારણે વ્યક્તિને દુઃખી કરે છે ત્યારે જીવનનો ખરો હેતુ માર્યો જાય છે. એની જગ્યાએ જો સાચી સમજણ હોય તો આવી ક્ષુલ્લક બાબતોથી વ્યક્તિ દુઃખી થતી નથી. ઘણીવાર તો કોઈ વસ્તુના અભાવ કરતા સાથેના વ્યક્તિનો પ્રભાવ




માણસને દુઃખી કરે છે. તેમાં સરખામણીની કે ખોટી સ્પર્ધાની ગેરસમજણ કારણભૂત હોય છે. બધું આપણી પસંદગી મુજબનું બનતું નથી અને આપણને ગમતું ન હોય છતાં પણ જે મળ્યું છે તે સ્વીકારવા સિવાય છૂટકો નથી એમ સમજીને સ્વીકારવાની માનસિક તૈયારીમાં જ સાચી મજા છે અને જે નથી મળ્યું એની ઝંખનામાં સતત વ્યથિત રહેવા કરતા જેટલું અને જેવું મળ્યું છે તે સંતોષ સાથે સ્વીકારીને માણવું એ જ સાચી સમજણ


**મનન ચિંતન**
**ભરત બાવીશી**

છે અને જો આવી સમજણ કેળવીએ તો દુઃખ ઘટાડી શકાય છે. મનુષ્ય જીવનનું આખરી લક્ષ્ય એટલે મોક્ષ. જેને મેળવવા માટે અમુક પ્રકારના મોહનો ત્યાગ કરવો પડે એવી સમજણ સાથેના કર્મ કરવાથી અંતિમ લક્ષ્ય તરફ આગળ વધી શકાય છે. જીવનની ઘણી બધી બાબતો આપણા હાથની વાત નથી હોતી એનો સ્વીકાર કરવો અને જે આપણા વશમાં હોય તેને સુધારવા પ્રયત્ન કરવો એજ સાચી સમજણ છે. પ્રગતિ માટે આગળ જોવું જરૂરી છે તેમ સંતોષ માટે પાછળ જોવું પણ એટલુ જ જરૂરી છે. નહિતર પસ્તાવાનો વારો આવે છે. હા માણસ માત્ર ભૂલને પાત્ર એ દષ્ટિએ નાની મોટી ભૂલ થઈ ગયા પછી જ્યારે સમજાય ત્યારે સહજ ભાવે સ્વીકાર કરીને પ્રાયશ્ચિત કરવું જોઈએ અને ભૂલને વાગોળ્યા કરવાને બદલે ફરી એ બાબતની કાળજી રાખીને જીવનમાં નવી શરૂઆત કરવી જોઈએ તો જ દુઃખને ઘટાડીને સુખને સરનામે પહોંચી શકીએ. જાતને બાળીને જાતરા કરવા કરતા કર્મને પરિક્રમા સ્વરૂપ સમજી લઈને રોજબરોજની ફરજને નિષ્ઠાથી નિભાવી લેવી જોઈએ. ખાસ તો મજબૂર, અશક્ત અને અણધારી આફતમાં ફસાયેલ વ્યક્તિને ટોણાં મારવા કરતા એની પરિસ્થિતિને સમજવાનો પ્રયાસ કરવો એ સૌથી મોટી મદદ ગણાય છે. કોઈના માટે સામાન્ય લાગતી બાબત બીજા માટે ખૂબ મૂલ્યવાન હોય છે. માટે સમય અને સંજોગ જોઈને ન્યાય કે નિર્ણય કરવો જોઈએ. કારણ કે સામાન્ય પરિસ્થિતિમાં જે સહેલું હોય તે જ વસ્તુ કે કાર્ય વિષમ પરિસ્થિતિમાં અતિ મુશ્કેલ કે અઘરું હોય છે એ સમજાય તો વ્યક્તિના વાંકને માફ કરવાનું માફક આવે છે. આમ, ખુદને અને બધાને સમજી શકીએ એવી ક્ષમતા કેળવીએ તો મોટે ભાગે દરેક પરિસ્થિતિમાં સુખી રહી શકીએ.

**સમજણ વગરનું જ્ઞાન નકામું, સચ્ચાઈ વગરનું જીવન નકામું, આત્મીયતા વગરનો પ્રેમ નકામો, હેતુ વગરનું દેવું નકામું ને બિનજરૂરી લેવું નકામું, કારણ વિના કામ નકામું ને ઉપયોગ વિનાની આવડત નકામી, નાણાં વિનાનું નજરાણું નકામું! કામ વિના જાવું નકામું, ભૂખ વિના ખાવું નકામું, નીર વગર ન્હાવું નકામું, ગળા વગર ગાવું નકામું.**

# કાળા માથાના માનવીનો કદાચ પ્રથમ પ્રયોગ, પ્રાકૃતિક શાકભાજીના મોલ શરૂ થશે





ખેતી ઉપર કોઈનો કાયમી ઈજારો નથી. ખેડે, વાવેતર કરે અને પરસેવો પાડીને ઉત્પાદન મેળવે તેવા બળુકા સંતાનોની માતા એટલે ધરતી માતા. ભલે ખેડૂતો તેના મન કળવા ન દે પણ વ્યથા અને વેદના મનમાં પડી હોય છે. ઉજળા વસ્ત્રો અને સુટ-બુટમાં ખેડૂતો અને ગામડાઓ બચાવવાની વાતો કરનારાઓને ગામડાઓ અને ખેડૂતો સાથે નાતો રહ્યો નથી. આમ છતાં ખેડૂતસમાજ અને ગામડાઓમાં વસતા ભોળા લોકો અપેક્ષા લઈને જીવી રહ્યા છે.

કૃષિ ક્ષેત્રે પત્રકારત્વ અને પ્રાકૃતિક ખેતીના પ્રસાર-પ્રચારક અને સામાન્ય નાના ખેડૂત એટલે અમરેલી જિલ્લાના બગસરા તાલુકામાં મા ખોડલના જ્યાં બેસણા છે તેવા સુડાવડ ગામના વતની પ્રવીણભાઈ આસોદરિયાની એક અનોખી પહેલ સહુ વાચકો સમક્ષ મૂકવી છે. પ્રવીણભાઈ આસોદરિયા અવારનવાર બળાપો કાઢતા કહે છે ખેડૂતની નવી પેઢી ગામડે વીઘા એકના ફળિયા મૂકીને વાડીએ એક ઓરડી હોય તેવી શહેરની સુવિધામાં રહે છે. સૌરાષ્ટ્રના ગામડાઓમાંથી સુરત, અમદાવાદ, નવસારી જેવા મહાનગરોમાં ગામડેથી જતી ટ્રાવેલ્સ બસોમાં છાશ, ઘી, દૂધ, શાકભાજી, અનાજ કઠોળ મુસાફરોના વજન કરતા આ વસ્તુઓનું વજન વધી જાય છે. ગઈકાલે, આજે અને આવતીકાલે ગામડું જ બધાના પેટ ભરવાનું છે ત્યારે ગામડામાં વસતા ગ્રામીણ સમાજ અને ગામડાઓની ઉપેક્ષા શા માટે ??

પ્રવીણભાઈ આસોદરીયા કહે છે આજે મહાનગરોમાં મોટા મોટા મોલમાં શાકભાજી, અનાજ, કઠોળ મળે છે તે કોઈ ફેક્ટરીમાં બનતું નથી. ખેડૂતોની પરસેવાની મહેનતથી ઉત્પાદન થાય છે. મોલમાં ગ્રેડિંગ અને આકર્ષક પેકિંગના કારણે સારા ભાવો મળે છે. ખેડૂતોએ પણ પોતાના માલના સારા ભાવો મેળવવા માટે ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો ખર્ચ ઘટાડવો પડશે ઉપરાંત પોતાના ઉત્પાદનની વેલ્યુ પોતાની નક્કી કરવા માટે ફોર-પીની પદ્ધતિ અપનાવવી પડે. જેમાં પ્રોડક્શન એટલે કે વાવેતર પ્રોસેસિંગ એટલે કે પાકનું ઉત્પાદનનું ગ્રેડિંગ અને વેરીએશન અને યોગ્ય પેકેજીંગ તેમજ ખેડૂતોને સારી પ્રાઈઝ મળે આ માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વેલ્યુએડિશન માટેની યોજનાના લાભો મળે છે તે લેવા રહ્યા.

વધુ પડતા રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના હિસાબે જમીનો બગડી રહી છે. ઉપરાંત માનવજાત સામે ભયંકર કેન્સર જેવી બીમારી શાકભાજી અને દૂધના હિસાબે આવીને ઊભી રહી છે. લોકોને પૈસા ખર્ચીને પણ


**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**

સારું ખાવું છે પણ પ્રાકૃતિક ચીજ વસ્તુઓ મળતી નથી ત્યારે પ્રવીણભાઈ આસોદરીયા અને ખેડૂતોના એક જૂથ દ્વારા પ્રથમ રાજકોટ અને ત્યારબાદ અમદાવાદ ખાતે પ્રાકૃતિક ખેતી થકી ઉત્પાદન થયેલા શાકભાજી અને અનાજ કઠોળનું ૧૦૦% લેબ ટેસ્ટિંગ સાથે વેચાણ કરવામાં આવશે. આ કોઈ સેવાનો ધ્યેય નથી. ખેડૂતોને સારું આપવું છે અને તેના બદલામાં સારું વળતર મેળવવું છે. હાલ આ જૂથ દ્વારા ૭૦૦ વાર જગ્યા રાજકોટ ખાતે પસંદ કરવામાં આવી છે ઉપરાંત ૨૦૧૯ થી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત પાસેથી ૩૦ વીઘા જમીન વાર્ષિક ૮ લાખના ભાડા પટ્ટે રાખવામાં આવી છે. આ જમીનમાં છેલ્લા પાંચ વર્ષથી રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવામાં આવેલ નથી જેમાં વાવેતરના અલગ અલગ સ્ટેપ પાડવામાં આવ્યા છે. રસોડા અને રસોઈમાં જોઈએ તે તમામ ચીજવસ્તુનું વાવેતર કરવામાં આવશે. પ્રથમ ૧૨ વીઘા જમીનમાં શાકભાજીનું વાવેતર કરેલ છે જેમાં દૂધી, તુરીયા, ગલકા, કારેલા, ચોળી, રીંગણી, ગુવાર, મેથી, પાલક, ડુંગળી, લસણ, કોથમીર, બીટ જેવા વિવિધ શાકભાજીનું વાવેતર કરેલ છે ત્યારબાદ ક્રમશઃ ૧૫ ૨૦ દિવસના અંતરે પાંચ પાંચ વીકના સ્ટેપમાં શાકભાજીનું વાવેતર કરવામાં આવશે. એટલે પ્રથમ વાવેતરની વીણી પૂરી થઈ તો બીજું વાવેતર ઉત્પાદન માટે તૈયાર હોય. સમયાંતરે નેશનલ ડેરી ડેવલપમેન્ટ લેબમાં પરીક્ષણ કરાવીને ગ્રાહકોને વેચાણ કરવામાં આવશે. વર્તમાન સમયમાં પ્રાકૃતિક ખેતીના નામે લોકોને ચેક કરવાનો પ્રયત્ન ખેડૂતના નામે થઈ રહ્યો છે પરિણામે ખેડૂતોનો માલ વેચાતો નથી. પ્રાકૃતિક ખેતીના અનુભવો ઉપરથી પ્રવીણભાઈ કહે છે કે, ખેડૂતોએ પોતાના પરિવાર માટે એક બે વીઘા ઝેરમુક્ત ખેતી કરવી જોઈએ. પ્રવીણભાઈ આસોદરિયાનો સંપર્ક નંબર- ૯૭૨૫૨૨૮૭૭૪ છે.

**-:: તિખારો ::-**

**ખોટું બોલવામાં કરેલ ઉતાવળ અને સાચું બોલવામાં કરેલ ઢીલ માનવીના જીવનમાં ઘણું નુકસાન કરી જાય છે**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો

ડો. જી. આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ



» મગફળી

- પાનનાં ટપકાં અને ગેરૂ રોગના નિયંત્રણ માટે ટેબુકોનાઝોલ ૧૦ મિ.લિ./૧૦ લિ. પાણીમાં નાખી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરો.
- સેન્દ્રીય ખેતી માટે ૫૦% નાઈટ્રોજન છાણીયા ખાતરમાંથી તેમજ બાકીનો જૈવિક ખાતરો અને ફોસ્ફરસ માટે રોક ફોસ્ફેટ ૧૦૦ કિલો/હે. આપવું.
- મગફળીમાં ઘૈણ નિયંત્રણ માટે કલોરપાયરીફોસ હેકટરે ૪ લિટર પ્રમાણે પાણી સાથે આપવું. પિયત ન થઈ શકે તો પંપ દ્વારા નોઝલ કાઢી કલોરપાયરીફોસ (૧૦ લિટર પાણીમાં ૨૫ મિ.લિ.) પ્રવાહી મગફળીનાં મૂળ પાસે ડ્રેન્ચીંગ કરવું. અથવા ૪ લિટર દવા ૫ લિટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો રેતીમાં ભેળવી ત્યારબાદ સુકવી અને રેતી એક હેકટર વિસ્તારમાં થડ પાસે મુકવી.

» કપાસ :

- મૂળખાઈ, મૂળનો સડો/ના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૧૦ ગ્રામ અથવા કોપર એક્સીકલોરાઈડ ૨૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી સૂકાતાં છોડની આજુબાજુ જમીનમાં મૂળ વિસ્તારમાં આપવું.
- સફેદ માખીની મોજણીમાં પીળા રંગની સ્ટીકી ટ્રેપ હેકટરે ૫ લગાવવી. ઈયળ વર્ગની જીવાતોની મોજણીમાં ફેરોમેન ટ્રેપ હેકટર દીઠ ૫ લગાવવી.

**સોયાબીનઃ સોયાબીનમાં આવતા મુખ્ય રોગો અને તેનું નિયંત્રણ**

| ક્રમ | રોગનું નામ | નિયંત્રણ |
|---|---|---|
| ૧. | ફાયટોપ્થોરાથી થતો મૂળનો કોહવારો | • કોપર ઓક્સીક્લોરાઈડ ૫૦% વે.પા. ૧૦ લિટર પાણીમાં ૪૦ ગ્રામ ઓગાળી રોગની શરૂઆત થયે છંટકાવ કરવો. બીજો છંટકાવ ૧૫ દિવસ પછી કરવો.<br>• મેટાલેક્ઝીલ ૮% મેન્કોઝેબ ૬૪% વે.પા. નું તૈયાર મિશ્રણ ૧૦ લિટર પાણીમાં ૧૫ થી ૨૦ ગ્રામ મુજબ ઓગાળી છંટકાવ કરવો. |
| ૨. | મોઝેક વાઇરસ | • સમયાંતરે ખેતરમાંથી રોગિષ્ઠ છોડ ઉપાડી તેનો નાશ કરવો.<br>• પાકની ફેરબદલી અપનાવવી.<br>• આ રોગ ચુસીયા પ્રકારની જીવાતોથી ફેલાતો હોય તેનું નિયંત્રણ કરવું. |
| ૩. | ભુકીછારો | • રોગની શરૂઆત થયે પાણીમાં દ્રાવ્ય ગંધક ૮૦% વે.પા. ૧૦ લિટર પાણીમાં ૨૫ (૦.૨%) ગ્રામ મુજબ ભેળવી છંટકાવ કરવો. જરૂર પડયે બીજો છંટકાવ ૧૫ દિવસ બાદ કરવો. અથવા<br>• હેક્ઝાકોનાઝોલ ૦.૦૦૫% ૧૦ લિટર પાણીમાં ૧૦ મિ.લિ. મુજબ ભેળવી છંટકાવ કરવો. જરૂર પડયે બીજો છંટકાવ ૧૫ દિવસ બાદ કરવો. |

**સોયાબીનમાં આવતી મુખ્ય જીવાત અને તેનું નિયંત્રણ**

| ક્રમ | જીવાતનું નામ | નિયંત્રણ |
|---|---|---|
| ૧. | લશ્કરી ઈયળ/ સેમીલુપર | • પ્રકાશ પિંજરનો ઉપયોગ કરવો.<br>• મોઝણી માટે ફેરોમન ટ્રેપ ૬ પ્રતિ હેક્ટર ગોઠવવા.<br>• કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા ક્લોરાન્ટ્રાનિલિપોલ ૨૦ એસસી 3 મિ.લિ. અથવા ઇન્ડોક્ઝાકાર્બ ૧૫.૮ ઇસી ૫ મિ.લિ. અથવા એમામેક્ટીન બેન્ઝોએટ ૫ ડબલ્યુજી ૪ ગ્રામ પૈકી કોઈપણ એક દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| ૨. | ગર્ડલ બીટલ | • કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. અથવા ક્લોરાન્ટ્રાનિલિપોલ ૨૦ એસસી 3 મિ.લિ. અથવા ઇન્ડોક્ઝાકાર્બ ૧૫.૮ ઇસી ૫ મિ.લિ. અથવા એમામેક્ટીન બેન્ઝોએટ ૫ ડબલ્યુજી ૪ ગ્રામ પૈકી કોઈપણ એક દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| ૩. | પાન કથીરી | • કથીરીનાશક દવાઓ જેવી કે ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિ.લિ. અથવા ડાયફેન્થુરોન ૫૦ ડબલ્યુપી ૧૦ ગ્રામ અથવા પ્રોપરગાઈટ ૫૭ ઈસી ૧૫ મિ.લિ. પૈકી કોઈપણ એક દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |

» વાવણી સમય

- પિયત ખેતી માટે દિવેલાની વાવણી ૧૫ મી ઓગષ્ટ પછી કરવાથી પાકને ઘોડીયા ઈયળ તથા ડોડવા કોરી ખાનાર ઈયળોના ઉપદ્રવથી બચાવી શકાય છે. આમ છતાં જુદી જુદી જાતો પ્રમાણે ભલામણો નીચે પ્રમાણે છે.

૧ જીએયુસીએચ.૧

- જુલાઈના અંતથી ૧૫ ઓગષ્ટ સુધીમાં વાવણી કરવી.

૨ જી.સી.એચ.૨

૩ જી.સી.એચ.૬

- ૪ જી.સી.એચ.૪ ઓગષ્ટ મધ્યમાં વાવણી કરવી.
- ૫ જી.સી.એચ.૫ ઓગષ્ટ મધ્યથી સપ્ટેમ્બરના પ્રથમ પખવાડિયા સુધીમાં વાવણી કરવી. રવી દિવેલાની વાવણી ૧૫ ઓકટોબર આસપાસ કરવી. રવી ઋતુની વાવણી માટે જી.સી. એચ.૫ જાત ભલામણ કરેલ છે.
- ૬ જી.સી.એચ. ૭, જીસીએચ-૯ ખરીફ દિવેલાની વાવણી ઓગષ્ટના બીજા પખવાડિયા સુધીમાં કરવી.
- બિયારણનો દર : ૬ કિલો / હેકટરે, બીજને બાવિસ્ટીન ૨ ગ્રામ અથવા થાયરમ ૩ ગ્રામ કિલો દિઠ પટ આપવો.
- પાકમાં રાસાયણિક ખાતર : ૧૨૦ ૫૦ ૫૦ ના. ફો. પો. આપવું
- નાઈટ્રોજન અને પોટાશ પાયામાં ૫૦% તેમજ નાઈટ્રોજન બાકી રહેલ બે હપ્તામાં તથા પોટાશનો ૪૫ દિવસે બાકીનો જથ્થો આપો.
- ખારા પાણીમાં દિવેલા ઉગાડવા જીસી-૩ જાતનું વાવેતર કરવા ભલામણ છે. રાસાયણિક ખાતર સાથે છાણીયું ખાતર ૧૦ ટન તથા જીપ્સમ ૩ ટન હેકટરે નાખવું.

» શેરડી: શેરડીની રોપણી પછી ત્રીજા મહિને હલકા કદનાં પાળા ચઢાવવા અને પાંચમા મહિને ભારે કદનાં પાળા ચઢાવવા. છેવટનાં પાળા ચઢાવતા પહેલા રાસાયણિક ખાતરનો જથ્થો પુરો કરવો.

- ચાબુક અંગારીયો લક્ષણો : આ રોગમાં શેરડીની મોટા ભાગની જાતોમાં સાંઠાની ટોચથી ચાબુક જેવો ઉગારો જોવા મળે છે. જેની ફરતે પાતળા કાગળ જેવું ચમકતુ આવરણ આવેલું હોય છે અને તેમાં ફુગના બીજ રહેલા હોય છે. રોગિષ્ઠ છોડનો સાંઠો પાતળો તથા કાતળીઓ નાની રહે છે.



» પિયત :

- જમીન પર સફેદ પારદર્શક પ્લાસ્ટિકનું આવરણ કરવાથી જમીનનું તાપમાન વધે છે અને જમીનમાં રહેલ જીવાણુઓ નાશ પામે છે અને જમીનજન્ય રોગો અટકે છે, તેને સોઈલરાઝેશન કહે છે.
- પ્લાસ્ટિકનો ખેતીવાડીમાં જમીનનું ધોવાણ અટકાવવા, ગ્રીનહાઉસ, મલ્ચીગ, પેકેજીંગ, ફુડ ઇન્ડસ્ટ્રીઝ, ખેત ઓજારમાં, પિયત પદ્ધતિમાં, પ્રાણીઓનાં શેડ બનાવવા વગેરેમાં ઉપયોગ થાય છે.

- રાસાયણિક દવાઓના સંગ્રહ સમયે લેવાની થતી કાળજી અને સલામતીના પગલા

- ૧. ઘરની અંદર દવાનો સંગ્રહ કરવો નહિ.
- ૨. જે પેકીંગમાં દવા ખરીદી હોય તેજ પેકિંગમાં ઓરીજનલ સીલ સાથે રાખવી.
- ૩. બીજા પેકીંગમાં દવાની ફેરવણી કરવી નહિ.
- ૪. દવા સાથે પ્રાણી કે માણસ માટે ખાવાનો ખોરાક રાખવો નહિ.




- ૫. બાળક અને પાલતુ પશુ દવા સુધી પહોંચે નહિ તે રીતે રાખવી.
- ૬. સીધા સૂર્યપ્રકાશ કે વરસાદમાં ન આવે તે રીતે સંગ્રહ કરવો.
- ૭. નિંદામણ અને કિટકનાશક દવાનો અલગ સંગ્રહ કરવો.


» **પશુપાલન:**

જાનવરોની કઈ જાતો રાખવાથી વધુ ઉત્પાદન મળશે. ?

- પશુઓમાં ભેંસોની જાફરાબાદી, સુરતી અને મહેસાણી ઓલાદો સારી છે.
- જાફરાબાદી ભેંસો એક વેતરમાં ૩૨૦ થી ૩૫૦ વેતરના દિવસોમાં સરેરાશ ૨૫૦૦ થી ૨૮૦૦ લિટર દૂધ આપે છે.

# ગુલછડી (રજનીગંધા) ની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ

ગુલછડી એ કંદ વર્ગનો છોડ છે. તેના પાન લાંબા, સાંકડા અને ઘાસ જેવા સીધા હોય છે. ફૂલ નલિકા આકારના, સ્નિગ્ધ અને રંગ સફેદ હોય છે. ગુલછડીના કંદની ટોચે પાનના ઝૂમખામાંથી નીકળતી ૮૦ થી ૧૦૦ સે.મી. લાંબી દાંડી પર ૬ થી ૭ દિવસ સુધી એક પછી એક સુગંધયુકત ફૂલો ખીલતાં રહેતાં હોવાથી તે કટફલાવર તરીકે ખૂબ જ પ્રચલિત છે. તે કટ ફૂલ વર્ગમાં આવે છે અને સામાન્ય રીતે ૧૦ થી ૧૨ દિવસ સુધી ચાલતા હોય છે. લાંબી દાંડીના કારણે આ ફૂલનું પરિવહન પણ સરળતાથી થતું હોય છે. ઉપરાંત તેના છૂટા ફૂલોમાંથી હાર, વેણી અને ગજરા બનતા હોવાથી તેની ઘણી માંગ જોવા મળે છે. છોડ કૂંડામાં કે બાગમાં કયારા, કિનારે રોપવાથી તેની આહલાદક સુગંધ આપે છે. ફૂલમાંથી નીકળતું સુગંધિત તેલ આંતરરાષ્ટ્રિય બજારમાં ઉંચા ભાવે વેચાય છે. તો આ રજનીગંધાનું ઉત્પાદન કઈ રીતે કરી શકાય તેની માહિતી અહી આપેલી છે.





જે.વી. ભાદરકા, ડી.કે. વસોયા ડી. આર. કણઝારિયા, એચ.એન. પટેલ અને બી.વી.હુમર
બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

**પ્રસર્જન :** ગુલછડીનું પ્રસર્જન કંદથી થાય છે, કયારેક કંદના ભાગથી પણ કરવામાં આવે છે. સામાન્ય રીતે ૨.૫ થી ૩ સે.મી. વ્યાસવાળા કંદનો ઉપયોગ રોપણી માટે કરવો જોઈએ.

**વાવેતર વિસ્તાર :** રજનીગંધાને પ્રમાણમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ માફક આવે છે. આ માટે ૨૦ થી ૩૦ સે.ગ્રે. સુધીનું તાપમાન હોય તેવા વિસ્તારમાં વાવેતર કરી શકાય છે. આપણા ગુજરાતમાં વડોદરા, સુરત અને વલસાડના અમુક વિસ્તારમાં એની ખેતી કરવામાં આવી રહી છે.

**જમીન :** આ પાકને મધ્યમ હલકી જમીન માફક આવે છે. આ કંદ/ગાંઠ ઉત્પન્ન કરતો પાક હોવાથી મધ્યમ રેતાળ જમીનમાં વાવેતર કરવાથી સારું પરિણામ મળી રહે છે. જો ભારે કાળી જમીન હોય સાથે પૂરતો નીતાર થાય તો તેવા વિસ્તારમાં પણ વાવેતર કરી શકાય છે. આ પાકને ફળદ્રુપ જમીનની જરૂર પડતી હોય છે પરંતુ જો વધુ ફળદ્રુપતા ના હોય તો પણ ખાતર આપીને આ પાકનું સફળતા પૂર્વક ઉત્પાદન લઈ શકાય છે.


**જાતની પસંદગી : બે જાતો મળતી હોય છે.**

**૧. સિંગલ જાત :** આ પ્રકારની જાતના ફૂલોમાં એક જ પાંખડીનું સ્તર જોવા મળે છે. આવા ફૂલો વધુ સુગંધિત હોય છે. આ પ્રકારની જાતના ફૂલોનું વાવેતર સામાન્ય રીતે છૂટક ફૂલો કે જે ગજરા, વેણી અને હારમાં વપરાય છે તેમજ તેલના ઉત્પાદન માટે થાય છે. આ માટેની વેરાઇટી અર્કા પ્રજ્વલ, અર્કા શ્રૃંગાર, અર્કા સુવસીની, મેક્સિકન સિંગલ અને ફૂલે રજની છે. આ વેરાયટીના કંદ નવસારી કૃષિ યુનિવર્સિટીમાંથી મળી રહે છે.

**૨. ડબલ જાત :** આ પ્રકારની જાતના ફૂલોમાં બેથી વધુ પાંખડીનું સ્તર જોવા મળે છે. આવા ફૂલો એ કટ ફૂલો / દાંડી વાળા ફૂલો તરીકે વેચતા હોય છે. આ માટેની વેરાયટી વૈભવ, સુવસીની, કલ્યાણી ડબલ વગેરે છે. આ વેરાયટીના કંદ નવસારી કૃષિ યુનિવર્સિટીમાંથી મળી રહે છે.

**વાવેતર :** આ ફૂલ પાકનું વાવેતર ડુંગળી જેવી ગાંઠો દ્વારા થાય છે. આગલા પાકમાંથી કાઢેલી ગાંઠો ને બે મહિનાનો આરામ આપ્યા બાદ વાવેતર કરવામાં આવે છે. વાવેતર માટે સામાન્ય રીતે ફેબ્રુઆરી થી એપ્રિલ મહિનો યોગ્ય રહે છે. જમીનને યોગ્ય તૈયાર કરી લીધા બાદ બે હરોળની વચ્ચે ૩૦ સે.મી. અને બે છોડની વચ્ચે ૧૫ સે.મી. નું અંતર રાખી તેનું વાવેતર કરી શકાય છે. આ માટે ૧.૫ થી ૨.૦ સે.મી. ની ગાંઠોને પસંદ કરવામાં આવે છે અને તેને ત્રણથી ૬ સે.મી. ઊંડાઇ પર વાવેતર કરવું જોઈએ.

**ખાતર :** આ પાક એક વાર વાવ્યા પછી ૩ વરસ સુધી ઉત્પાદન આપતો હોવાને લીધે તેમજ વધારે પોષક તત્વોની જરૂરિયાતવાળો હોવાથી વાવેતર પહેલા ૨૦ થી ૨૫ ટન છાણીયું ખાતર પ્રતિ હેક્ટર દીઠ આપવું જોઈએ. તે ઉપરાંત ૬૦:૬૦:૪૦ **નાઈટ્રોજન : ફોસફરસ : પોટૅશિયમ** પ્રતિ હેક્ટર દીઠ જમીનની તૈયારી વખતે આપવું જરૂરી છે. તે ઉપરાંત દર ૯૦ દિવસના ગાળામાં ૬૦ કિલો નાઇટ્રોજન પ્રતિ હેક્ટર દીઠ આપવું હિતાવહ છે.



**ફૂલોની કાપણી :** વાવેતર કર્યાના ૯૦ થી ૧૦૦ દિવસ બાદ ફૂલો આવવાની શરૂઆત થાય છે એટલે કે જૂન જુલાઈ મહિનામાં ફૂલો તૈયાર થઈ જાય છે. છૂટક ફૂલો માટે ખીલેલા ફૂલોને વહેલી સવારે ચૂંટી લેવામાં આવે છે.

**પિયત :** વાવેતર કર્યા બાદ ભેજ જળવાઈ રહે તેટલું પિયત આપવું. ઉગ્યા સુધી પિયત આપવું નહીં ત્યારબાદ ઋતુ પ્રમાણે અને જરૂરિયાત પ્રમાણે પિયત આપવું. શિયાળામાં ૮ થી ૧૦ દિવસે અને ઉનાળામાં પાંચથી સાત દિવસે પિયત આપવું.

**ફૂલોનો બજારભાવ :** ગુલછડીના ફૂલ સિંગલ જાતના કટ ફ્લાવર ૧૦ થી ૧૨ ફૂલ દાંડીની જૂડી બનાવી બજારમાં મોકલાય છે, કેળના પાનમાં વિંટાળીને મોકલવાથી ભેજ જળવાય છે, એક જૂડીના રૂપિયા ૬ થી ૧૨ સુધી ભાવ મળે છે, ડબલ જાતના કટ ફ્લાવરનો ભાવ રૂપિયા ૬ થી ૧૮ સુધી મળે છે, ફૂલોને રંગીન કરી (લાલ, પીળા, વાદળી વગેરે) વેચવાથી ભાવ સારો મળે છે, તે માટે ફૂલોને ૦.૩% ના મીઠાઈ અથવા આઈસક્રીમમાં વપરાતાં રંગના પાઉડરના દ્રાવણમાં ૬ થી ૯ કલાક બોળીને કાપ્યા પછી રાખવાથી રંગીન ફૂલોવાળી દાંડી મળે છે.



**ઉત્પાદનઃ** દાંડીવાળા ફૂલોમાં આશરે ચારથી પાંચ લાખ દાંડીઓનું પ્રતિ હેક્ટર ઉત્પાદન મળે છે. પ્રથમ વર્ષે ઉત્પાદન થોડું ઓછું એટલે કે દોઢથી બે લાખ દાંડીઓ હેક્ટર મળી રહે છે અને બીજા વર્ષથી ઉત્પાદનમાં વધારો થાય છે. આમ ત્રણ વર્ષ સુધી ઉત્પાદન મળી રહે છે. આમ ત્રણ વર્ષનું ઉત્પાદન લીધા બાદ ત્રીજા વર્ષે ગાંઠને કાઢી લેવામાં આવે છે અને આ ગાંઠોનું ઉત્પાદન પણ ત્રણથી ચાર લાખ પર હેક્ટર દીઠ મળી રહેતું હોય છે.

**સંગ્રહઃ** કંદની આજુબાજુ વળગેલી માટી દૂર કરી કંદ છૂટાં પાડવા, ઢીલા પાન તથા લાંબા મૂળ કાપી કંદનું જુદા જુદા કદ પ્રમાણે વર્ગીકરણ કરવું. કંદને ઠંડા, સૂકાં અને છાંયડાવાળી જગ્યાએ સંગ્રહ કરવો. રોપણી પહેલાં ૪ થી ૬ અઠવાડિયાનો સંગ્રહ કરવો જરૂરી છે.



# ધાણા-મેથીના પાકમાં જીવાત

ડો. કે.ડી. શાહ, ડો. જે.આર. તળાવીયા, ડો. એમ.એચ. સાપોવાડીયા અને ડો. વી.સી. ગઢિયા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

મોટા પાયા પર ઉગાડવામાં આવતા બીજ મસાલા પાકોમાં મુખ્યત્વે ધાણા અને મેથીનો સમાવેશ થાય છે. આવા પાકોમાં જીવાતોના ઉપદ્રવથી ઉત્પાદનના ઘટાડાની સાથોસાથ ગુણવત્તા પર પણ વિપરીત અસર જોવા મળે છે. આ પાકોમાં વાવણીથી માંડીને કાપણી સુધીમાં આશરે ૨૫ જેટલી વિવિધ જીવાતોથી નુકસાન થતું નોંધાયેલ છે. જીવાતોના ઉપદ્રવથી આ પાકોમાં ૫ થી ૬૭ ટકા સુધી ઉત્પાદનમાં ઘટાડો જોવા મળે છે.

**મોલો:** મોલો પીળાશ પડતા લીલા અથવા કાળા રંગની, પોચા શરીરવાળી અને લંબગોળ હોય છે. જે સીધા જ બચ્ચાંને જન્મ આપે છે જેથી તેની સંખ્યા વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. વિવિધ જાતિની મોલો ધાણા, મેથી વગેરે જેવા બીજ મસાલાનાં પાકોને નુકસાન કરે છે. આ જીવાતનો ઉપદ્રવ છોડની વાનસ્પતિક વૃદ્ધિથી માંડીને છોડના પાકવાની અવસ્થા સુધી જોવા મળે છે. વધુ ઉપદ્રવ હોય તો મોલો પાક પર સંપૂર્ણપણે છવાઈ જાય છે અને રસ ચૂસીને છોડને નબળો કરી નાખે છે. બચ્ચાં તેમજ પુખ્ત એમ બંને અવસ્થાઓ છોડને નુકસાન પહોંચાડે છે અને પાન, ફુલ તેમજ બીજમાંથી રસ ચૂસે છે. રસ ચૂસવાને પરિણામે છોડ પીળો પડી જાય છે. ફૂલો પર કોઈક વાર મોટી સંખ્યામાં મોલોનો ઉપદ્રવ જોવા મળે તો છોડમાં બીજ બેસતા નથી. જ્યારે મોલોનો ઉપદ્રવ અપરિપક્વ બીજ અવસ્થાએ જોવા મળે તો બીજ કદમાં ખુબજ જ નાના અથવા સંકોચાયેલા જોવા મળે છે. વળી, આ જીવાત પાન ઉપર મધ જેવો ચીકણો પદાર્થ છોડે છે જેથી છોડ કાળા પડી જાય છે અને પ્રકાશસંશ્લેષણની ક્રિયામાં અવરોધ પેદા કરે છે. જેના પરિણામે ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. આપણા રાજ્યમાં મોલોની વસ્તી જાન્યુઆરી માસમાં વધુ જોવા મળે છે.

**થ્રિપ્સઃ** બચ્ચાં અવસ્થા દેખાવે અને રંગે પુખ્ત જેવા જ હોય છે પરંતુ કદમાં નાની અને પાંખો વિહીન હોય છે. પુખ્ત કીટક બદામીથી પીળાશ પડતા રંગની અને ૧ મી.મી. જેટલી લંબાઈના હોય છે. માદા થ્રિપ્સની પાંખો લાંબી અને પાતળી હોય છે અને કેટલીક પૂર્ણ વિકસિત માદાની પાંખો પર ઘાટા બદામીથી સફેદ રંગની પટ્ટીઓ જોવા મળે છે. થ્રિપ્સફ્લેવસ જાતિ સફેદ રંગની હોય છે. મેથી અને ધાણામાં સામાન્ય રીતે ફુલ બેસવાની અવસ્થાએ આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે છે. આ જીવાત મોટેભાગે ફૂલો અને નાજુક પાનમાંથી રસ ચૂસે છે.

**તડતડીયાં:** આ જીવાતનું પુખ્ત કીટક આછા લીલાથી પોપટી રંગનું, ફાચર આકારનું અને ૨ મી.મી. જેટલી લંબાઈ ધરાવે છે તે પાનની નીચેની બાજુએ રહી રસ ચૂસે છે અને પાન પર લાક્ષણિક ઢબે ત્રાંસા ચાલે છે. આ જીવાત પાન, ફૂલ અને ફળમાંથી રસ ચૂસીને છોડને નુકસાન પહોંચાડે છે. બચ્ચાં તેમજ પુખ્ત એમ બંને અવસ્થાએ નુકસાન પહોંચાડે છે. પાંદડાંમાંથી રસ ચૂસવાને પરિણામે પીળા ધાબા જોવા મળે છે અને અધિક માત્રામાં ઉપદ્રવ જોવા મળે તો પાંદડા પીળા પડી સૂકાઈ જાય છે પરિણામે છોડની વૃદ્ધિ અવરોધાય છે. વળી, આ જીવાત પાનમાંથી રસ ચૂસતા પહેલાં ઝેરી પદાર્થ છોડે છે પરિણામે પાન ચીમળાઈ જઈને કોકડાઈ જાય છે.

**સફેદ માખી:** કદમાં નાની અને પાંખો મીણ જેવા પદાર્થથી ઢંકાયેલ દૂધ જેવી સફેદ હોય છે. બચ્ચા લીલાશ પડતાં સફેદ રંગના જોવા મળે છે. બચ્ચા તથા પુખ્ત એમ બંને અવસ્થાએ પાનમાંથી રસ ચૂસીને છોડને નુકસાન પહોંચાડે છે. આ જીવાતના ઉપદ્રવથી મેથી, કલૌંજી, ધાણા અને જીરૂ જેવા પાકોમાં અતિ ભયંકર 'પર્ણકૂંચન' વિષાણુજન્ય રોગ ફેલાય છે. આ રોગથી નુકસાન પામેલ મેથી તેમજ અન્ય પાકોના પાન નાના મોટા થઈ જાય છે તથા છોડમાં ફૂલ અને શિંગો બેસતી નથી જેનાથી પાક ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. બચ્ચાં મધ જેવો ચીકણો રસ બહાર કાઢે છે જેથી તેના પર ફૂગની વૃદ્ધિ જોવા મળે છે અને છોડ કાળો પડી જાય છે.

**કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી**

# અમેરિકામાં ટ્રમ્પ પર હુમલા અંગે ચિંતા વ્યકત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૪

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ અમેરિકામાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી છે. પીએમ મોદીએ રવિવારે (૧૪ જુલાઈ ૨૦૨૪) સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ દ્વારા આ હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.



પીએમ મોદીએ લખ્યું, "મારા મિત્ર અને અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલાથી હું ખૂબ જ ચિંતિત છું. હું આ ઘટનાની સખત નિંદા કરું છું. રાજકારણ અને લોકશાહીમાં હિંસાનું કોઈ સ્થાન નથી. હું તેમને ઝડપથી સ્વસ્થ થવાની ઈચ્છા કરું છું." અમારા વિચારો અને પ્રાર્થના મૃતકો અને ઘાયલોના પરિવારજનો સાથે છે.

બીજી તરફ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે. રાહુલે કહ્યું કે હું પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસથી ચિંતિત છું. આવી ઘટનાઓની આકરી ટીકા થવી જોઈએ. હું તેને ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની ઈચ્છા કરું છું.

# ખેડૂતો માટે સરકાર દ્વારા બજેટમાં મોટો નિર્ણય લેવામાં આવી શકે છે

**ખેડૂતોને પણ નિર્મલા સીતારમણના બજેટ ૨૦૨૪ પાસેથી ઘણી અપેક્ષાઓ છે**




(એ.આર.એલ),મુંબઈ,તા.૧૪

મહારાષ્ટ્રના ખેડૂતોને પણ નિર્મલા સીતારમણના બજેટ ૨૦૨૪ પાસેથી ઘણી અપેક્ષાઓ છે. ખાસ કરીને શેરડી, કપાસ અને સોયાબીનના ખેડૂતોને. મહારાષ્ટ્રમાં આ ત્રણની ખેતી કરતા ખેડૂતોની સંખ્યા લગભગ ૫૬ લાખ છે. ચૂંટણીનું વર્ષ હોવાથી એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ત્રણ પાકની ખેતી કરનારા ખેડૂતોને નાણામંત્રી તરફથી ચોક્કસ ભેટ મળશે. મરાઠવાડા અને વિદર્ભ એ ખેડૂતોનું પ્રભુત્વ ધરાવતા વિસ્તારો છે, જ્યાં તાજેતરની લોકસભા ચૂંટણીમાં એનડીએ ગઠબંધનને નુકસાન થયું છે. કહેવામાં આવી રહ્યું છે કે આ મુદ્દાઓને દૂર કરવા માટે સરકાર દ્વારા બજેટમાં મોટો નિર્ણય લેવામાં આવી શકે છે. મહારાષ્ટ્ર સરકારના જણાવ્યા અનુસાર રાજ્યમાં ૪૦ લાખ હેક્ટરમાં સોયાબીનનું વાવેતર કરવામાં આવે છે. આ ખેડૂતોને ચૂંટણી વર્ષમાં કેન્દ્રીય બજેટ પાસેથી ઘણી અપેક્ષાઓ છે. સોયાબીન ખેડૂતોની સૌથી મોટી માંગ એમએસપીની છે. ખેડૂતોનું કહેવું છે કે સરકારે તેમના પાકને લઘુત્તમ ટેકાના ભાવે ગેરંટી સાથે ખરીદવો જોઈએ.

# ઉન્નાવ અકસ્માત બાદ બિહારમાં ગેરકાયદેસર દોડતી બસો પર કાર્યવાહી

(એ.આર.એલ),પટણા,તા.૧૪

ઉન્નાવ દુર્ઘટના બાદ બિહાર સરકાર એક્શનમાં આવી છે. હવે બિહાર સરકાર ગેરકાયદેસર દોડતી બસો સામે કાર્યવાહી કરી રહી છે.



રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં પરિવહન વિભાગે ૨૫૨ બસો સામે કાર્યવાહી કરી છે. તેમના માલિકો પાસેથી ૪૭.૮૭ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

એટલું જ નહીં, ગેરકાયદેસર મળી આવેલી ૨૬ બસો પણ જપ્ત કરવામાં આવી છે.

પરિવહન સચિવ સંજય કુમાર અગ્રવાલે તમામ ડીટીઓ, એમવીઆઈને વાહન ચેકિંગ ઝુંબેશ સતત ચલાવવાનો નિર્દેશ આપ્યો છે.

તેમજ જો કોઈ બસ ફિટનેસ, પરમીટ, સ્પીડ લિમિટ ડિવાઈસ વગર ચાલતી જોવા મળશે તો તેના માટે દોષિત જિલ્લા વાહન વ્યવહાર અધિકારી અને મોટર વાહન નિરીક્ષકને જવાબદાર ગણવામાં આવશે.

# તમિલનાડુમાં બસપા નેતા કે.આર્મસ્ટ્રોંગની હત્યાનો આરોપી પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો

(એ.આર.એલ),ચેન્નાઈ,તા.૧૪

બહુજન સમાજ પાર્ટી તમિલનાડુ એકમના વડા કે. આર્મસ્ટ્રોંગની હત્યાનો મુખ્ય આરોપી ચેન્નાઈમાં માધવરમ પાસે પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીનું નામ કે. તિરુવેંગડમ હતું જે કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ દરમિયાન તેણે પોલીસકર્મીઓ પર પણ હુમલો કર્યો, ત્યારબાદ પોલીસે તેના પર ગોળીબાર કર્યો. પોલીસે જણાવ્યું કે આરોપીને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. ખરેખર આરોપી તિરુવેંગડમને તપાસ માટે ઉત્તર ચેન્નાઈના એક સ્થળે લઈ જવામાં આવ્યો હતો.



આ દરમિયાન તેણે પોલીસથી બચવાનો પ્રયાસ કર્યો હતો. આરોપીએ પોલીસકર્મી પર હુમલો કર્યો ત્યારબાદ પોલીસ અધિકારીએ તેના પર ગોળીબાર કર્યો. એવું કહેવામાં આવી રહ્યું છે કે જે હથિયારોથી બસપા નેતાની

**કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો**

હત્યા કરવામાં આવી હતી તેને છુપાવીને રાખવામાં આવ્યા હતા.

આરોપીઓના સમાન હથિયારો શોધવા માટે તિરુવેંગદમને ત્યાં લઈ જવામાં આવી રહ્યો હતો જેથી હત્યામાં વપરાયેલા હથિયારો મળી શકે. બસપા નેતા આર્મસ્ટ્રોંગની નિર્દયતાથી હત્યા કરવા બદલ ધરપકડ કરાયેલા ૧૧ લોકોમાં તિરુવેંગડમનો સમાવેશ થાય છે.

# ભાગલપુરમાં સગીરા પર પ્રેમીએ જ મિત્રો સાથે મળી સામૂહિક બળાત્કાર ગુજાર્યો

(એ.આર.એલ),પટણા,તા.૧૪

ભાગલપુરમાં સગીરા પર નિર્દયતાથી હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘૃણાસ્પદ કૃત્ય અન્ય કોઈએ નહીં પણ તેના પ્રેમીએ કર્યું હતું. તે પણ તેના મિત્રો સાથે. પ્રેમીએ તેને એરપોર્ટ પર મળવા બોલાવી થોડીવાર વાત કર્યા બાદ તેણે તેની સાથે ગંદી હરકતો કરવા માંડી. જ્યારે સગીરાએ વિરોધ કર્યો તો તેણે તેના મિત્રો સાથે મળીને તેની સાથે ગેંગરેપ કર્યો. હવે સગીરા અને તેનો પરિવાર ન્યાય માટે આજીજી કરી રહ્યા છે. આ ઘટના તિલકમાંઝી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. કહેવામાં આવી રહ્યું છે કે વિદ્યાર્થિની ૧૧ જુલાઈ, ગુરુવારે સાંજે તેના બોયફ્રેન્ડને મળવા ગઈ હતી, જ્યાં તેના અન્ય ત્રણ મિત્રો પહેલાથી જ હાજર હતા.



છોકરીને પહેલેથી જ ખબર હતી કે કંઈક અપ્રિય બનવાનું છે. આ પછી, તેઓ એકબીજા સાથે વાત કરે તે પહેલાં પ્રેમીએ તેની સાથે કંઈક ખોટું કરવાનો પ્રયાસ કર્યો હતો.

# પેલેસ્ટાઈન મુદ્દાના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૧૪

જટિલ પેલેસ્ટાઈન મુદ્દાના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતે તેની ઐતિહાસિક અને અતૂટ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. તેમણે વાટાઘાટોના બે-રાજ્ય ઉકેલને ટેકો આપ્યો જે ઇઝરાયેલ સાથે શાંતિમાં પેલેસ્ટાઈનના સાર્વભૌમ, સ્વતંત્ર અને વ્યવહારુ રાજ્યની સ્થાપના તરફ દોરી જશે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના નાયબ સ્થાયી પ્રતિનિધિ રાજદૂત આર રવિન્દ્રએ પેલેસ્ટાઈન શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્ર એજન્સીના સંમેલનમાં આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે ભારતે હંમેશા સંવાદ પર આધારિત બે-રાજ્ય ઉકેલને સમર્થન આપ્યું છે, જે પેલેસ્ટાઈનના સાર્વભૌમ, સ્વતંત્ર અને વ્યવહારુ રાજ્યની સ્થાપના તરફ દોરી જાય છે. તેમણે પેલેસ્ટાઈનના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતની ઐતિહાસિક અને અતૂટ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે ભારતે ગાઝામાં ચાલી રહેલા ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ અંગે સૈદ્ધાંતિક વલણ અપનાવ્યું છે.



# વર્લ્ડ ચેમ્પિયનશિપ ઑફ લિજેન્ડ્સની ફાઈનલમાં પાકિસ્તાનને હરાવી ચેમ્પિયન બનતું ભારત

(એ.આર.એલ),બર્મિંગહામ,તા.૧૪

વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ ૨૦૨૪નું ટાઇટલ ઈન્ડિયા ચેમ્પિયન્સે જીતી લીધુ છે. બર્મિંગહામમાં પાકિસ્તાન સામે ગઈકાલે રમાયેલી ફાઈનલ મેચ યુવરાજ સિંહના નેતૃત્વમાં ઈન્ડિયા ચેમ્પિયન્સે સરળતાથી જીતી લીધી હતી. પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાનની ટીમે ૧૫૬ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ચેમ્પિયન્સે ૫ બોલ બાકી રહેતા જ ૫ વિકેટે આસાનીથી ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. ઈન્ડિયા ચેમ્પિયન્સની જીતનો હીરો હતો અંબાતી રાયડુ, જેણે શાનદાર અડધી સદી ફટકારીને માત્ર ૩૦ બોલમાં ૫૦ રન બનાવ્યા હતા. યુસુફ પઠાણે પણ ૧૬ બોલમાં ૩૦ રનની તોફાની ઈનિંગ રમી હતી. બોલિંગમાં અનુરીત સિંહે તેના સ્પેલમાં પાકિસ્તાનની ૩ વિકેટ ખેરવી નાખી હતી. ટીમ ઈન્ડિયાએ ટાર્ગેટની શરૂઆત શાનદાર રીતે કરી હતી. અંબાતી રાયડુએ પહેલી જ ઓવરમાં ફોર અને સિક્સર ફટકારી હતી.



# ભારતે ઝીમ્બાબ્વેને અંતિમ મેચમાં ૪૨ હરાવીને ટી૨૦ સિરીઝ ૪-૧થી જીતી

હરારે, તા.૧૪

ટીમ ઈન્ડિયાએ રવિવારે હરારેના મેદાનમાં રમાયેલી પાંચમી ટી૨૦માં પણ ઝિમ્બાબ્વેને ૪૨ રનથી હરાવ્યું હતું. સાથે જ ૫ મેચની સિરીઝ ૪-૧થી જીતી લીધી છે. પાંચમી મેચમાં ઝિમ્બાબ્વેએ ટૉસ જીતીને ભારતને બેટિંગ માટે મોકલ્યું હતું. પાવરપ્લે સુધી કેપ્ટન સિકંદર રઝાનો નિર્ણય સાચો સાબિત થયો હતો. ભારતે પાવરપ્લેમાં કેપ્ટન શુભમન ગીલ ૧૩, ઓપનર યશસ્વી ૧૨ અને અભિષેક શર્માની ૧૪ રને વિકેટ ગુમાવી હતી. આ પછી સંજુ સેમસને ફિફ્ટી લગાવી અને રિયાન પરાગ સાથે ૬૫ રનની ભાગીદારી કરી. શિવમ દુબેએ ડેથ ઓવર્સમાં ચોગ્ગા અને છગ્ગા ફટકારીને ટીમનો સ્કોર ૧૬૭ રન સુધી પહોંચાડ્યો હતો.૧૬૮ રનને ચેઝ કરતી વખતે મુકેશ કુમાર અને શિવમ દુબેએ ઝિમ્બાબ્વેને મુશ્કેલીમાં મુકી દીધા હતા. મુકેશે પાવરપ્લેમાં ૨ મળીને કુલ ૪ વિકેટ ઝડપી હતી. શિવમ દુબેએ ૨ વિકેટ પણ લીધી, સુંદર, તુષાર દેશપાંડે અને અભિષેક શર્માએ એક એક વિકેટ લીધી હતી. જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ ૧૨૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.



# તાલાલામાં રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરનાર હોમગાર્ડ જવાનોનું સન્માન

ઉના, તા.૧૪

રાજ્યના હોમગાર્ડ જવાનોની તાલીમ શિબિર માધવનગર(બાવળા), સંધીયા (મહેસાણા) ખાતે યોજાઈ હતી. આ શિબિરમાં ગીર સોમનાથ જિલ્લાના વિવિધ તાલુકામાંથી બહોળી સંખ્યામાં હોમગાર્ડ જવાનોએ ભાગ લીધો હતો. જેમાં તાલાલા હોમગાર્ડ જવાન અનિલભાઈ ડાકી તથા જે.પી. બાંભણીયા (ઉના), દિનેશભાઈ બાંભણીયા(વેરાવળ)ની રાજ્ય કક્ષા શિબિરમાં બેસ્ટ કેડર તરીકે પસંદગી થઈ હતી. ગીર સોમનાથ જિલ્લા હોમગાર્ડ યુનિટનું ગૌરવ વધારવા બદલ ત્રણેય જવાનોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.



# સોમનાથથી બેટ દ્વારકા સીધી બસ સેવા શરૂ કરવા માંગણી

**હાલ સોમનાથથી બેટ દ્વારકા માટે પણ કોઈ જ સીધી બસ સેવા ઉપલબ્ધ નથી**

કોડીનાર, તા.૧૪

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં કોડીનારથી ૫ કિલોમીટર દૂર દરિયા કિનારે આવેલું મૂળદ્વારકા એક સાસ્કૃતિક ધરોહર છે. એનો ઈતિહાસ પણ ખૂબ જુનો છે. એક સમયની પ્રાચીન નગરી હોવાના અવશેષો પણ આજે મળી આવે છે. હાલમાં સુદર્શન સેતુ દ્વારા દ્વારકા અને બેટ દ્વારકાને જોડવામાં આવતા આવનજાવન સરળ બન્યું છે. એસટી નિગમ દ્વારા માણસા, બાયડ તથા અમરેલીથી બેટ દ્વારકાની સીધી બસ સેવા શરૂ કરવામાં આવી છે. હાલ સોમનાથથી બેટ દ્વારકા માટે પણ કોઈ જ સીધી બસ સેવા ઊપલબ્ધ નથી. જો આ બસ સેવા શરૂ કરવામાં આવે તો એક જ રૂટમાં મૂળદ્વારકા-સોમનાથ-દ્વારકા-બેટ દ્વારકાને એકબીજા સાથે સળંગ જોડી શકાય તેમ છે તેથી સત્વરે આ બસ સેવા શરૂ કરવા માટે અજીતભાઈ ચાવડાએ માગણી કરી છે.

# કોડીનાર શહેર અને તાલુકામાં ગેરકાયદે દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું

કોડીનાર તા.૧૪

ગીર સોમનાથના કોડીનાર શહેરમાં જિલ્લા કલેકટરની વિઝિટ બાદ તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. શહેરના મુખ્ય રસ્તાઓ અને તાલુકાના દેવળી અને વેલણ સહિતના ગામોની ગૌચરની જમીન પર દબાણો હટાવી અંદાજિત ૨.૪ કરોડની ૩૦૦૦ ચો.મી જગ્યા ખુલ્લી કરાવાઈ હતી. છાપરા, ઓટાઓ, પગથીયાઓ, બોર્ડ, બેનર, હોર્ડીંગ્સ, પતરાનો શેડ જેવા અંદાજે ૩૫૦ થી ૪૦૦ દુકાનદારો દ્વારા કરવામાં આવેલ દબાણો દૂર કરી અંદાજીત બજાર કિંમત રૂા.૨.૪ કરોડની આશરે ૩૦૦૦ ચો.મી. જેટલી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. જ્યારે નેશનલ હાઈવેથી દેવળી ગામ તરફ જતાં ગંગાજળી હારણની નળ આશરે ૧૦૦ મીટર દબાણવાળી જગ્યા અંદાજીત કિંમત રૂા.૩ લાખની જમીન તેમજ દેવળી ગામમાં પાણીનો ટાંકો બનાવવા માટે આશરે ૨૦૦ ચો.મી. જેટલી જમીન નકકી થયેલ તેની ઉપર દબાણ થયું હતું તે પણ ખુલ્લું કરાયું હતું. વેલણ ગામે ૧૦ વીઘા ગૌચરમાં થયેલું દબાણ ખુલ્લુ કરવામાં આવ્યું હતું. તંત્રની કામગીરીને લઈ ગેરકાયદે દબાણ કરનારા ઈસમોમાં ફફડાટ ફેલાયો હતો.



# ઉનાના ધોબીવાડા વિસ્તારમાં મકાનમાંથી મોબાઈલની ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ઉના, તા.૧૪


ઉના શહેરમાં ગણેશ મંદિરની સામે ધોબીવાડા વિસ્તારમાં રહેણાંક મકાનની બારી પાસે યુવાને રાખેલો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કોઈ અજાણ્યો શખ્સ રાત્રીના સમયે બારીમાં હાથ નાખી મોબાઈલ ચોરી કરી નાસી છૂટ્યો હતો. આ અંગે યુવાને પોલીસમાં ઈ.એફઆઈઆર દાખલ કરતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. ઉના પોલીસ સ્ટેશન અધિક્ષક પોલીસ ઈન્સ્પેકટર એમ. એન.રાણાની સૂચના તથા ઉના ઉત્તર ટાઉન ઈન્ચાર્જ પો. સબ.ઈ. એચ.એલ.જેબલીયાના માર્ગદર્શન મુજબ eFIR માંથી FIR કન્વર્ટ કરાવતા ફરિયાદી યુવાન અભિષેકભાઈનો મોબાઈલ કોઈ અજાણ્યો ઈસમ ઘરની બારી પાસેથી ચોરી કરી લઈ જતા ઉના પોલીસે ચોકકસ બાતમીના આધારે મોબાઈલ ચોર મહમદનવાઝ મુસ્તાકબાપુ બહારૂની સૈયદ, રહે. આરબવાડા કોર્ટ વિસ્તાર ઉના વાળાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**મહમદનવાઝ મુસ્તાકબાપુ બહારૂની સૈયદ ઉનાવાળાને ઝડપી લીધો**

# સુરેન્દ્રનગરના ભેટ ગામે ખાણ ખોદતા ગુંગળાઈ જવાથી ત્રણ મજૂરના મોત


## મજૂરોને કોઈપણ સેફ્ટી વગર જ ખાણમાં ઉતારાયા હોવાનો ખુલાસો



(એ.આર.એલ), સુરેન્દ્રનગર,તા.૧૪

સુરેન્દ્રનગર જિલ્લામાં અનેક વખત ગેરકાયદેસર ખાણમાં ખોદકામ થવાના કારણે મજૂરો મોતને ભેટતા હોય છે ત્યારે ફરીથી ખનજિ માફયાઓ મજૂરોના મોતના સોદાગરો બન્યા હોવાનું જાણવા મળ્યું છે. ૨૦૦ ફૂટ ઊંડે મજૂરોને ખાણમાં ખોદકામ માટે ઉતારવામાં આવ્યા હતા. આકાહન્ક ખાણમાં દુર્ઘટના સર્જાતા ૩ મજૂરોના મોત નિપજ્યા હતા. પોલીસ અને ખાણ વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી. ૨૦૦ ફૂટ ઊંડે ગેરકાયદેસર ચાલતી કાર્બોસેલની ખાણમાં ખોદકામ માટે મજૂરોને ઉતારવામાં આવ્યા હોવાને લઈ પરિવારમાં રોષ ફેલાયો છે. એટલું જ નહીં, મૃતકોનાં મૃતદેહોને સગેવગે કરવાનું કાવતરૂં ખનીજ માફિયાઓએ રચ્યું હોવાને લઈ ખળભળાટ મચી ગયો છે. હવે જોવાનું એ રહે છે કે જિલ્લા વહીવટી તંત્ર, ખનીજ વિભાગ અને પોલીસ અધિકારીઓ મજૂરોના મોતના મામલે કેટલી સખ્ત કાર્યવાહી કરે છે.

# અમદાવાદમાં હિટ એન્ડ રન કેસમાં બે મિત્રોના કરૂણ મોત



અમદાવાદ,તા.૧૪

અમદાવાદના એસ. જી. હાઈવે પરના પેલેડિયમ મોલ પાસે બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ અને એકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. તો અન્ય ૨ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સોલા સિવિલમાં દાખલ છે. મૃતક ઘરે 'હું બહાર જમવા જાઉં છું, આવતા મોડું થશે' કહીને મિત્રો સાથે જમવા માટે નીકળ્યો હતો, પરંતુ પરિવારને સવારે તેના મોતના સમાચાર મળ્યા હતા. અલ્પેશ ગાગડેકર અને કમલ અડવાણી મિત્રો સોનુ ધૈયડા અને મયૂર આહુજા નામના મિત્રો સાથે તેમની I૨૦ કાર નં.GJ-૦૧-RZ-૩૨૮૮ લઈને વૈષ્ણોદેવી તરફથી આવીને એસ.જી. હાઈવે પરથી સી.જી. રોડ તરફ જતા હતા અને એસ.જી. હાઈવે ઉપર પેલેડિયમ મોલ સામે વોશરૂમ જવાનું હોવાથી કાર ઊભી રાખી હતી. જેથી કમલ અડવાણી તથા અલ્પેશ ગાગડેકર બંને કારમાંથી નીચે ઊતરી કારની જમણી બાજુ ઊભા હતા. આ દરમિયાન કારગિલ ચાર રસ્તા તરફથી એક બ્રેઝા કાર નં.GJ-૩૮-BF-૯૫૪૭ના ચાલકે પોતાની કાર પૂરઝડપે અને બેદરકારીથી ચલાવી અથડાવી હતી.

**વાનરના ત્રાસથી લોકોને ઘરની બહાર નીકળવુ મુશ્કેલ**

# અમદાવાદમાં વાનરનો ત્રાસ, ૩ને બચકા ભરતા રહેવાસીઓમાં ભય




અમદાવાદ,તા.૧૪

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં રિંગ રોડ પર વસ્ત્રાલ અને રામોલમાં વાંદરાઓના ત્રાસના કારણે લોકો ભયમાં જીવી રહ્યા છે. ગત બધુવારે વસ્ત્રાલની શ્રીધર સ્પર્શ સોસાયટીમાં ૧૫ વર્ષના કિશોરને પગમાં બચકું ભર્યું હતું. ગુરુવારે શ્રીધર પેરેડાઈઝ ફ્લેટના પાર્કિંગમાં કિશોરીને વાંદરાએ પાછળથી આવીને પગે બચકું ભરી લીધું હતું. ત્યારે આજે સવારે ફરી વસ્ત્રાલના ગ્રાન્ડ વિશાલા એસ્ટેટમાં વાંદરાએ એક યુવક પર હુમલો કરીને પગમાંથી માંસનો લોચો બહાર કાઢી લીધો છે. જોકે, બનતી જતી ઘટનાને લઈ વન વિભાગે અત્યારે સુધી ૧૦ વાંદરાને પકડ્યા છે, પરંતુ હાલ તો વાંદરાઓના વધતા ત્રાસના કારણે હજારો લોકો ભયમાં જીવી રહ્યા છે.

૯ જુલાઈના રોજ સાંજે વસ્ત્રાલની શ્રીધર સ્પર્શ નામની સોસાયટીમાં બાળકો રમી રહ્યાં હતાં, ત્યારે અચાનક જ એક વાંદરો આવ્યો હતો. જેને જોઈ બાળકો ડરીને ભાગવા લાગ્યાં હતાં. ૧૫ વર્ષનો એક કિશોર ભાગ્યો તો તેની પાછળ એક વાંદરો પડી ગયો હતો. બાળક પડી જતાં તેના પગે બચકું ભરીને માંસનો લોચો કાઢી નાખ્યો હતો. કિશોર પર કરેલા હુમલાની સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

# નાણાનો હિસાબ નહી મળતા રાજકોટનો યુવક આફ્રિકામાં બંધક



રાજકોટ,તા.૧૪

રાજકોટના વાવડી વિસ્તારમાં રહેતો જય દિનેશભાઈ કોરિયા બે વર્ષ પૂર્વે આફ્રિકા ગયો હતો. જ્યાં બે વર્ષ એક કંપનીમાં નોકરી કર્યા બાદ તેને કોન્ટ્રાક્ટ પૂરો થઈ જતાં તેને પરત ફરવા દેવાતો નથી. મૂળ રાજકોટના લોધિકાના વતની મેહુલ ગોહેલની આફ્રિકાના કોંગોના કિન્શાસા ખાતે આવેલી બોરવેલની કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરીએ લાગ્યો હતો.

જ્યાં તે કંપનીના તમામ આર્થિક વહીવટ સંભાળતો હતો. તે દરમિયાન કંપનીના હિસાબના ૮ હજાર ડોલર એટલે કે રૂ. ૬.૮૦ લાખનો હિસાબ નહીં મળતાં આ રકમ જય કોરિયાએ ચોરી કર્યાનો આરોપ લગાવી ગત તા. ૩-૬-૨૦૨૪નાં રોજ તેને કંપનીના માલિકે બંધક બનાવી એક રૂમમાં પૂરી દીધો હતો અને યુવકના પરિવાર પાસેથી હવે રૂા.૨૨ લાખની માંગણી કરવામાં આવતા પરિવારે આ બાબતે સરકારની મદદ માંગી છે.

**મોટાભાગે કેરિયર્સ યુએઇ, બેંગકોક, થાઇલેન્ડથી દાણચોરીનું સોનું અમદાવાદ લઇ આવે છે**

# છેલ્લા બે વર્ષમાં અમદાવાદ એરપોર્ટથી ૧૭૦ કિલો દાણચોરીનું સોનું ઝડપાયું



(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૪

અમદાવાદ એરપોર્ટથી છેલ્લા બે વર્ષમાં ૧૭૦ કિલો સોનું ઝડપાયું હતું. આમ, એક જ વર્ષમાં એરપોર્ટથી દાણચોરીનું સોનું ઝડપવાના પ્રમાણમાં ૬૫ ટકાનો વધારો નોંધાયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૨૪૧.૧ કિલો સોનું ઝડપાયેલું છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦૭ કિલો અને ૨૦૨૩-૨૪માં ૧૭૦ કિલો સોનું ઝડપાતા દાણચોરીના પ્રમાણમાં ૬૫ ટકાનો વધારો થયો છે. મોટાભાગના કેરિયર્સ યુએઈ, બેંગકોક, થાઈલેન્ડથી દાણચોરીનું સોનું અમદાવાદમાં લાવતા હોય છે. જોકે, દાણચોરી કરવાની પદ્ધતિમાં સતત ફેરફાર કરવામાં આવ્યો છે. દાણચોરો સોનાને છુપાવવા, અંડરગાર્મેન્ટ, સેનિટરી નેપકિન સહિત અનેક ટેકનિક અપનાવવામાં આવે છે. મોટાભાગના કિસ્સામાં અગાઉથી બાતમી અને શરીરના હાવભાવને આધારે પકડી પાડવામાં આવે છે.

માહિતી મુજબ સોનાની કિંમત વધે તેમ દાણચોરીના પ્રમાણમાં વધારો થયો છે. ૨૦૧૮-૧૯માં ૮૧ કિલો, ૨૦૧૯-૨૦માં ૧૦૭ કિલો, ૨૦૨૦-૨૧માં ૧૭ કિલો, ૨૦૨૧-૨૨માં ૩૩ કિલો, ૨૦૨૨-૨૩માં ૧૦૭ કિલો, ૨૦૨૩-૨૪માં ૧૭૦ કિલો સોનાની દાણચોરી થઈ છે.

**એક કથિત ઓડિયો વાયરલ થયો**

# નીતિન પટેલે કડીના કાર્યકર્તાઓને ધમકી આપતો ઓડિયો વાયરલ

## એલઆઇબી ભાજપના નેતાઓને ખાનગી વિગતો મોકલે છે : કોંગ્રેસ



(એ.આર.એલ),કડી,તા.૧૪

એક કથિત ઓડિયો વાયરલ થયો છે. જેમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ રાકેશ પટેલ નામના ભાજપના કાર્યકર્તાને ખખડાવી રહ્યાં છે કે "તારા બાપ દાદાનું મેં કઈ બગાડયુ છે? મારી પાસે તારો નંબર અને નામ સાથે એલઆઈબીનો રિપોર્ટ આવ્યો છે. આ તો હું મણિપુરનો છોકરો સમજીને બોલતો નથી. તું તારી મર્યાદામાં રહે તો સારુ, મને શિખામણ આપવાની જરૂર નથી." નીતિન પટેલે એવી પણ ચીમકી ઉચ્ચારી કે, "તું લદ્દા કુંટુંબનો તો નથી ને, ૩૦-૩૫ વર્ષ પહેલાંનો લદ્દા કુંટુંબનો ઈતિહાસ કહીશને તો તું ગામમાં રહેવા લાયક નહી રહે. એટલે બધુ બંધ કરને, માપમાં રહે ભાઈ તું કઈ કડીનો ધણી નથી. મે બધુ તને સોંપી દીધું છે? તું રુબરુ આવજે." આ ઓડિયો વાયરલ થતા પૂર્વ નાયબ મુખ્યમંત્રી ફરી વિવાદમાં સપડાયા છે.

આ વિવાદને લઈને કોંગ્રેસે એવી પ્રતિક્રિયા આપી છે કે, આ ઘટના બાદ એ વાત સાબિત થઈ રહી છે કે, એલઆઈબી ભાજપના નેતાઓને ખાનગી વિગતો મોકલે છે. ભાજપના બ્લેકમેઈલ સામે જે નાગરિકો અને વેપારીઓ અવાજ ઉઠાવે તો તેમનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. જો કોઈ પૂર્વ નાયબ મુખ્યમંત્રી એલઆઈબી પાસેથી ખાનગી વિગતો મેળવી શકતા હોય તો હાલ સરકાર પણ વિપક્ષના નેતા અને વેપારીઓના આ જ પ્રમાણે કોલ રેકર્ડ મેળવી માહિતી મેળવતા હશે એ વાત નક્કી છે.


**હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે**

**મેડીકલ ઓફિસર**

M.B.B.S./B.H.M.S./B.A.M.S.

લેડીઝ તેમજ જેન્ટસ

: પગાર ધોરણ (ફ્રેશર માટે) :

રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-

અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.

મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.


# ભરૂચના મોતાલીની સીમમાંથી આરોગ્ય અધિકારીનો મૃતદેહ મળ્યો

(એ.આર.એલ),ભરૂચ,તા.૧૪

ભરૂચમાં આરોગ્ય અધિકારીનો મૃતદેહ મળતા આ વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ભરૂચના મોતાલીની સીમમાંથી આ અધિકારીનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવની વિગત મુજબ મે મહિનામાં આરોગ્ય અધિકારીનો મૃતદેહ મોતાલીની સીમમાંથી મળી આવ્યો હતો.

બાદમાં અધિકારીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો. દરમિયાન એફએસએલના રિપોર્ટમાં આરોગ્ય અધિકારીની હત્યા કરવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. આરોગ્ય અધિકારીની બોથડ પદાર્થ મારીને હત્યા કરવામાં આવી હોવાનું એફએસએલની તપાસમાં બહાર આવ્યું હતું.મોતાલી ગામની સીમમાંથી આરોગ્ય અધિકારી રાજેશ સિંધાનો અંકલેશ્વરના મોતાલી ગામની સીમમાંથી મૃતદેહ મળતા શંકા કુશંકાઓ ફેલાઈ છે. જેને પગલે પોલીસે હત્યાનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.


**સરકારી છાત્રાલયોમાં પ્રવેશ માટે ઓનલાઈન મેરીટ પ્રસિદ્ધિ**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના

**ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી**

**નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ**

**નિયામક વિકસતી જાતિ કલ્યાણ**

સંચાલિત સરકારી છાત્રાલયોમાં વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રવેશ માટે ઓનલાઈન પારદર્શક મેરીટ પ્રસિદ્ધિ



માન. કેબીનેટ મંત્રી

**શ્રીમતી ભાનુબેન બાબરીયા**

સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણના વરદ્હસ્તે

**અને**

માન. રાજ્યકક્ષાના મંત્રી

**શ્રી ભીખુસિંહજી પરમાર**

સામાજિક ન્યાય અને અધિકારિતા, અન્ન અને નાગરિક પુરવઠાની ઉપસ્થિતિમાં

**વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૫૮ છાત્રાલયોમાં પ્રવેશ માટે ઓનલાઈન પારદર્શક મેરીટ પ્રસિદ્ધિ**

ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી ગાંધીનગર હસ્તકના **૨૧** સમરસ કુમાર-કન્યા છાત્રાલયોના **૧૩,૫૦૦** છાત્રોના પ્રવેશ અંગેની મેરીટ પ્રસિદ્ધિ





નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગર હસ્તકના **૭૮** સરકારી કુમાર-કન્યા છાત્રાલયોના **૫,૮૭૫** છાત્રોના પ્રવેશ અંગેની મેરીટ પ્રસિદ્ધિ

નિયામક વિકસતી જાતિ કલ્યાણ ગાંધીનગર હસ્તકના **૫૯** સરકારી કુમાર-કન્યા છાત્રાલયોના **૩,૪૪૦** છાત્રોના પ્રવેશ અંગેની મેરીટ પ્રસિદ્ધિ



**તારીખ:** ૧૫-૦૭-૨૦૨૪ | **સમય:** ૧૬:૦૦ વાગે

**સ્થળ:** સ્વર્ણિમ સંકુલ-૧નો, પહેલો માળ, સચિવાલય, ગાંધીનગર

સમારોહના જીવંત પ્રસારણ માટે QR કોડ સ્કેન કરો

"સમાજમાં સૌ ગૌરવભેર જીવન જીવી શકે, સમાજમાં સમરસ વાતાવરણ બને, દરેક ક્ષેત્રે સૌનો વિકાસ થાય તે માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે."

- **શ્રીમતી ભાનુબેન બાબરીયા,** માન. મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ

સમારોહના જીવંત પ્રસારણ માટે QR કોડ સ્કેન કરો

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર